# સત્સંગની શુભ વાર્તા ભાગ ૫

## ૯. વચનપાલન વગરનું પૂજન પાંગળું

જ્યારે પૃથ્વી અધર્મ રૂપી તિમિરથી ઢંકાઇ ગઇ. એ પ્રગાઢ અંધકારમાં કોઇ પણ રીતે પથિકને દિશાની સૂઝ પડતી ન હતી ને આમતેમ અથડાતા સરવાળે કલેશ જ થતો હતો. આવે વખતે અક્ષર ધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણે પ્રગટ થઇને શિક્ષાપત્રી રૂપી જ્યોત પ્રગટ કરી. અધર્મનાં અંધારાં ટાળ્યાં અને આત્માઓને મુક્તિ અને ભુક્તિ બન્ને સાંપડ્યાં.

વસંત ઋતુના પહેલા જ દિવસે આ લેખ લખાયેલ છે. આંબાના વનમાં કોયલો ટહુકા કરતી હતી. મયૂરો ઢેલ્યુંના મંડળમાં કળા પૂરીને નાચતાં હતા. વનવિથિકા સરસ રીતે ખીલી હતી. મંદ, સુગંધ અને શીતળ પવનની લહેરખીઓ માનવી સમુદાય ઉપર આવતી હતી. પ્રભાતનો પહોર હતો. સવિતાદેવ ઉદય પામીને આકાશના ઘુમ્મટ ઉપર ચઢવા માટે મહેનત કરી રહ્યા હતા.

આવે વખતે અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ હાથમાં લેખિની લઇને શિક્ષાપત્રી રૂપી સુંદર લેખ લખી રહ્યા છે. આ લેખમાં અવિનાશીએ અનંત આત્માઓનાં શ્રેય અને પ્રેય લખી નાખ્યાં. સર્વજીવહિતાવહ આ પત્રી પૂર્ણ રીતે આત્માઓને સુખદાયી નિવડી આ પત્રી પ્રમાણે રહેનાર માનવી અતિ સુખી થાય છે.

એક વખત સોરઠ દેશના સત્સંગીનો સંઘ વડતાલ તીર્થમાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવા ચાલ્યો જાય છે. ચાલતાં ચાલતાં રસ્તામાં સુંદર આંબાનો બગીચો આવ્યો. આ બગીચામાં પાણીની અને છાયાની સારી સગવડતા જોઇને તે બગીચાના માલિકને પૂછી આ બધાએ ઉતારો કર્યો. તેવામાં આંબાના માલિકે સંઘના આગેવાન ભાઇને કહ્યું કે તમો આંબાનું ધ્યાન રાખજો. હું ઘેર જઇને જમી આવું. એમ કહી ચાલતો થયો. આંબામાંથી શાખોના રૂપે કેરી ખરતી હતી. તેને સંઘના માણસોએ ભેળી કરી એક ઠેકાણે ઢગલો કર્યો. કોઇ પણ માનવીએ એક પણ કેરીને બગાડી નહિ.

સૂર્ય માથા ઉપરથી નમ્યો. રોંઢો ઢળવાનો સમય થયો. એટલે સંઘના માણસો ચાલવા તૈયાર થયા. બગીચાના માલિકને ખરેલી કેરીઓ જે ભેગી કરી રાખી હતી તે બતાવી અને કહ્યું કે આ તમારી ખરેલી કેરીઓ તેને સંભાળી લો અમો હવે જઇએ છીએ. એ બોલ્યો તમોએ કેરીઓ કેમ ખાધી નહિ ? સંઘના માણસો બોલ્યા કે અમારા ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે કે ધણિયાતી કોઇ વસ્તુનો ઉપયોગ ધણીની આજ્ઞા વિના કરવો નહિ. આવા શબ્દો સાંભળી એ ખુશ ખુશ થઇ ગયો અને કહ્યું કે આ બધી કેરીઓ તમે લઇ લો અને તમારા ભગવાન આગળ ધરજો. ત્યારે સંઘના માણસોએ કહ્યું કે અમો તેની કિંમત આપીએ. ત્યારે બગીચાનો માલિક બોલ્યો કે મારે તેની કંઇ કિંમત જોતી નથી પણ તમે તે બધી કેરીઓ લઇ જાવ. પછી સંઘના માણસો કેરીઓ લઇને વડતાલ ભગવાન પાસે આવ્યા અને પ્યારા પ્રભુને તે કેરીઓ જમાડી. ભગવાન સંઘના માણસો ઉપર અને આંબાના માલિક ઉપર પ્રસન્ન થયા અને તેમનું કલ્યાણ કર્યું. આમ શિક્ષાપત્રીની આજ્ઞા પાળવાથી પ્રભુ પ્રસન્ન થયા છે અને આજ્ઞા લોપવાથી પ્રભુ કોચવાય છે અને સરવાળે દુઃખ ભોગવવું પડે છે.

શિક્ષાપત્રીમાં શ્રીહરિ કહે છે કે અમારા આશ્રિતોએ જૂગટું આદિક વ્યસનનો ત્યાગ કરવો. આ જૂગટું દરેક વ્યસનમાં આગેવાન છે. જેને આ જૂગટાં રૂપી વ્યસન રૂપ રાક્ષસ વળગે છે તેને પાયમાલ કરી નાખે છે. આ વ્યસન ઘણું જ જૂનું છે. પૂર્વે નળ રાજા આ જુગાર રૂપ વ્યસનમાંથી મહા દુઃખી થયા હતા. તેવી જ રીતે પાંડવો જુગાર રમીને સર્વસ્વ ખોઇ બેઠા. કૌરવોની મહા સભામાં દ્રૌપદી જેવી મહાસતીનાં વસ્ત્રો ખેંચાયાં અને મોટો અનર્થ થયો. જેમાંથી મહાભારત જેવું યુદ્ધ ખેલાયું અને ભારતીય યોદ્ધાઓ આ ભયંકર યુદ્ધના ખપ્પરમાં ખપી ગયા. દેશને સમાજને અને ધર્મને મોટી હાનિ થઇ. એટલા જ માટે શ્રીહરિ કહે છે કે મારા આશ્રિતોએ

જુગાર રમવો નહિ. આ જુગાર અત્યારે તો ગામડે ગામડે અને ઘેર ઘેર પ્રવર્તી ગયો છે. કપાળમાં તિલક ચાંદલો હોય, સવારમાં દરરોજ પ્રભુની પૂજા કરતા હોય, બીડી-તમાકુ પીતા ન હોય છતાંય પણ કેટલાક ભાઇઓ જુગાર રમવાના રસિયા હોય ખરા.

આ જુગાર રૂપી રાક્ષસે આજ વિશાળ રૂપ પકડ્યું છે. ગામડામાં વસતા, સાદા, સરળ અને ધર્મમાં પ્રીતિવાળા માણસો પણ જુગાર રમવા બેસી જાય છે. અરે ! પુરુષો તો ઠીક હવે સ્ત્રીઓ પણ જુગારની આંધળી દોટમાંથી બાકાત નથી. એટલે સ્ત્રીઓ પણ જુગાર રમે છે. શ્રીહરિની શિક્ષાપત્રી રૂપી આજ્ઞાને પાળનાર માણસે જુગાર રમવો નહિ. શ્રીહરિનો આ દિવ્ય સત્સંગ છે. આ સત્સંગના ચિહ્નો ધારણ કરી જુગાર રમે છે, તે બધાં સત્સંગના કલંકરૂપ કહેવાય છે. વરલી, મટકું, લોટરી, વગેરે જુગારના ઘણાં પ્રકારો છે. તેમાંથી ભગવાનના ભક્તે ઉગરી જવું કારણ કે શિક્ષાપત્રી ના પાડે છે.

આજે આકરા કળિકાળનાં દૂષણોથી ઉગરવા માટે શ્રીહરિએ શિક્ષાપત્રી આપી છે. આ શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્ર છે. બસો ને બાર શ્લોક તેનાં કાંકર છે. પૂર્વે ભગવાને કૃપા કરીને અંબરીષ રાજાને સુદર્શન ચક્ર આપ્યું હતું. તો તે સુદર્શન ચક્રથી અંબરીષ રાજાની બધી રીતે રક્ષા થઇ. જ્યારે અત્યારે તો સુદર્શન ચક્ર કરતાં પણ ઉત્તમ શિક્ષાપત્રી આપેલ છે. આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તન કરનાર માણસ કોઇ દિવસ દુઃખી થતો નથી. શ્રીજી મહારાજ તો કહે છે કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારેય પુરુષાર્થની સિદ્ધિ આપનાર આ શિક્ષાપત્રી તો મહા નિધિ છે.

એક વખત વિશ્વાત્માએ ભાષારૂપી સમુદ્રને વલોવ્યો. તેમાંથી ચાર વેદ, અઢાર પુરાણ, છ શાસ્ત્ર, આ બધું મળ્યું. તેના સારરૂપ આ શિક્ષાપત્રી બનાવી છે. આ શિક્ષાપત્રી સર્વજીવહિતાવહ છે. તેમ સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ પણ છે. આ બંધારણને ઉવેખી પોતાના મનની ઇચ્છા પ્રમાણે વર્તનાર માણસો દુઃખી થાય છે. વળી આ બંધારણ ઢીલું પાડનાર તેના દ્રોહી બને છે. એટલે કોઇ હિસાબે બંધારણ ઢીલું ન પડે તેને માટે શ્રીહરિના અનુયાયીઓએ ખાસ લક્ષ આપવું જોઇએ.

રાજ્યોમાં પણ બંધારણ હોય છે. જે રાજ્યનું સારામાં સારું બંધારણ હોય અને તે બંધારણ પ્રમાણે રાજ્યના અધિકારીઓ, પ્રધાનો અને અમલદારો એની મર્યાદામાં રહી કામ કરતા હોય તો તે રાજ્ય સોનાને ફૂલડે ફૂલી ઊઠે અને ચારેય બાજુ તેની પ્રભા પ્રસરે છે. જો ધીમે ધીમે બંધારણને ચાતરી પ્રજા, અમલદારો, પ્રધાનો એ બધાં મનમુખી બની જાય તો ફાવે તેવું તે રાજ્ય વખણાતું હોય છતાં પણ થોડા જ સમયમાં તે છિન્નભિન્ન થઇ જાય છે. એટલે શ્રીજી મહારાજના અનુયાયીઓએ ખાસ શિક્ષાપત્રી ઉપર લક્ષ આપવું અને તે શિક્ષાપત્રીનાં વચનોને આદર સહિત માનવાં.

શ્રીહરિના આશ્રિતો ભાઇઓ વહેલા ઊઠી સ્નાનવિધિ વગેરે પૂજાવિધિથી પરવારી શ્રીહરિના સ્વરૂપ શિક્ષાપત્રીની પૂજા તથા પાઠ પ્રેમ સહિત કરે પણ આટલું પૂરતું નથી. સાથે સાથે પોતાના આત્મા સામે દૃષ્ટિ કરવી જોઇએ કે મારાથી શિક્ષાપત્રી કેટલી પળાય છે ! જો તેમાં શિથિલતા રહે તો તેનો ત્યાગ કરીને ફરીવાર જાગ્યા ત્યાંથી સવાર એમ કરીને સાવધાન થઇને શ્રીહરિનાં વચનોને હૃદયમાં ધારવા અને પાલન કરવાનો નિશ્ચય કરવો. શ્રીજીએ શિક્ષાપત્રીના પાલન પર ભાર મૂક્યો છે કેવળ પૂજા પર નહિ. પાલન વગરનું પૂજન પાંગળું છે.

# ૧૦. સંત સમાગમની અસાધારણ તાકાત

વિક્રમ સંવતનો ૧૮મો સૈકો ભારતની પ્રજાને માટે ખૂબ જ કસોટીનો હતો. ચારેકોર લૂંટારાઓના ટોળાં ફરતાં હતાં. ગામો ભંગાતાં હતાં. જાનો લુંટાતી હતી. ખેડૂતોના કઢામણાં થતાં હતાં. એટલે તલવારથી ખેડૂતોને કેડેથી કાપી નાખી અને કઢામણાને ઠેકાણે તેમને ગોઠવી દે અને પછી સાંતી જોડી બળદિયાઓને બહારવટિયાઓ ગામમાં રવાના કરે. આ ભયંકર શબ ગામમાં આવે એટલે તો ગામ લોકો તો ધ્રૂજી ઉઠતા. આવી ક્રૂરતા ઉપરથી સૌ કોઇ સમજી શકે કે વાતાવરણ કેટલું ત્રાસદાયક હશે. રાજ્યો પણ પરસ્પર રાજ્ય વધારવાને લોભે લડી રહ્યાં હતાં. માનવીઓનો કચરઘાણ થતો હતો. કંટી કોમના માનવીઓ બહારવટું ખેલવામાં અને પ્રજાને ત્રાસ આપવામાં બહાદુરી ગણતા હતા.

સૌરાષ્ટ્ર પ્રાંતમાં નાનાં મોટાં દેશી રજવાડાંઓમાં પરસ્પર ઇર્ષ્યા ને રાગદ્વેષ ચાલ્યા કરતા હોવાથી આવાં માથાં ભારે તત્ત્વોને બીજાની હદમાં નાસી જવા અને આશરો મેળવવાની ભારે હૂંફ મળતી. એથી ઠેકાણે ઠેકાણે બહારવટિયાઓની બંદૂકો ગાજતી હતી. કાયમને માટે માણસોના મન ઊંચા રહેતાં હતાં. કોઇ માણસ સુખે જીવી શકતો ન હતો.

અમરેલીની આસપાસ દેરડી ગામની નજીક કમઢિયા નામે એક ગામ છે. આ ગામ મુસલમાન રાજવીનું હતું. તેમાં કાયાભાઇ નામે એક સંધિ યુવાન. એનું શરીર જુઓ તો ભારે ભરાવદાર. છાતી પહોળી અને ઊપડતી, માથું મટકી જેવું ભાલ વિશાળ અને ભુજંગ જેવી ભયાનક તેમની બંને ભુજાઓમાં કાયમ તલવાર અને બંદૂક રમતી રહેતી. આ ફાંકડા યુવાન કાયાભાઇને બહારવટું ખેલવાની લત લાગી અને બે ચાર જુવાનિયાની ટોળી તૈયાર કરી. આ યુવાને પણ ગામો ભાંગવાં ગામો સળગાવવાં, જાનો લૂંટવી વગેરે અનીતિ આદરીને પ્રજાને ત્રાસ આપવાનું કામ ચાલુ કર્યું.

આ વખતે કોઇ મહા સત્તા આપણા ભારત ઉપર સ્થિર હતી નહીં. અંગ્રેજી રાજ્ય હજી આઘું હતું. એટલે કાયદો કે વ્યવસ્થા સૌરાષ્ટ્રમાં હતી નહિ. જેથી "મારે તેની તલવાર અને લૂંટે તેની લક્ષ્મી." આવી રીતે બહારવટિયા મન ફાવે ત્યાં મોકળે મને પ્રજા ઉપર ત્રાસ ગુજારતા. સૌને પોતાનું નામ, પરાક્રમી બહારવટિયા તરીકે બહાર આવે તેવી ઝંખના હતી.

જેથી સંધિ યુવાન કાયાભાઇને પણ દેશમાં પરાક્રમી તરીકે પોતાનું નામ જાહેર કરવાની ધગશ હતી. એટલે એક પછી એક ગામ ધમરોળવા માંડ્યા. મનુષ્યનાં ખૂન પછી ખૂન કરવા માંડ્યા. મોઢે દાઢી મૂછ યું અને કાતરાવાળો આ યુવાન જે ગામ માથે જઇને પડે તે ગામના લોકોને છિન્ન ભિન્ન કરી નાખે અને ગામમાં કાળો કેર વર્તાવે. આમ બેફામ થઇને ફરતા આ બહારવટિયાઓને જંગલમાં એક વખત સ્વામિનારાયણના સાધુ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો ભેટો થઇ ગયો.

ગિરનાર પહાડોની હારમાળામાં એક નાનકડા મેદાનમાં ઝાડની છાયામાં બેઠેલા પાંચેય સાધુને આ બહારવટિયાઓએ જોયા. એ સાધુ બેઠા હતા તેની નજીકમાંથી એક કેડી નીકળતી હતી. એ કેડીએ હથિયારધારી આ પાંચેય બહારવટિયા નીકળ્યા. સાધુએ તેમને "જે નારાયણ" કહ્યા અને હસતે મુખે બોલાવ્યા. ટોળીમાં આગેવાન કાયાભાઇનાં મનમાં આ સાધુને દેખીને કંઇક જુદી જ છાપ પડી. એના અંતરમાં શાંતિ થઇ અને ઠંડા શેરડા પડ્યા. જેથી બહારવટિયાઓએ હથિયાર હેઠાં મૂક્યાં અને એ સંતો પાસે બેઠા. નિર્વૈરી, નિસ્પૃહી ને ક્ષમાશીલ આ સંતોએ કરુણા દૃષ્ટિથી બહારવટિયા સામે જોયું અને માનવ જીવનના કર્તવ્યની વાર્તા કરવા લાગ્યા. મનુષ્યોએ કોઇ દિવસ ક્રૂર કર્મ કરવાં નહીં. કોઇને પણ મુશ્કેલીમાં મૂકવા નહિ. જે માણસ ક્રુર કર્મ કરે છે અને બીજાને ત્રાસરૂપ બને છે તે માણસને ઇશ્વરના દરબારમાં જવાબ આપવા પડે છે. છેવટે યમપુરીનાં ભયંકર દુઃખો ભોગવવાં પડે છે. એક લાખ એંશી હજાર નરકના કુંડો છે. તેમાં યમદૂતો પાપી પ્રાણીને નાખી તેણે કરેલાં પાપ કર્મના બદલા આપે છે. એટલે માણસે જે કર્મ કરવાં તે વિચારીને કરવાં. કોઇ દિવસ વિચાર કર્યા વિના કોઇ કર્મ કરવાં નહિ. આમ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ઘણી વાતો કરી. સંતોના શારડી જેવાં હિત વચનો એના દિલમાં ઉતરી ગયાં. કઠણ કાળજું કોરાઇ

ગયું. પોતાનાં અધમ કાર્યો ને નિદરેષ લોકોની હત્યા પ્રત્યે એને નફરત થઇ આવી. એના દિલમાં બળવો થયો. જેથી વિકરાળ બહારવટિયાનું હૃદય પલટી ગયું અને ઊભા થઇ બંદૂકના તેણે કટકા કરી નાખ્યા. તલવારને પથ્થર પર ઘા કરી ભાંગી નાખી અને હાથ જોડી આગળ બેસી વિનયથી કહેવા લાગ્યો. મહાપુરુષ આ જિંદગીમાં અપાર પાપ કર્યાં છે. દારુ અને માંસનું ભક્ષણ કરી મેં કેટલીય અબળા સ્ત્રીઓનાં શિયળ લૂંટયા છે. મોઢેથી ન કહી શકાય તેટલાં ભયંકર પાપ મારી જુવાનીનાં મદમાં કર્યાં છે. ખુદાના દરબારમાં હું શું જવાબ દઇશ ! ખુદા મને કેવી નશ્યત કરશે. મહારાજ ! તમો મને ઉગરવાનો રસ્તો બતાવો. તમો કોઇ મહાન ઓલિયા છો. તમારા દર્શનથી જ મારું હૃદય પાપમુક્ત થવા અધીરું બન્યું છે. માટે આ પાપમાંથી છૂટું તેવી મહેરબાની કરો....

ઉપરની વાત સાંભળી ગંભીર ગુણાતીતાનંદ સ્વામી તેમને કહેવા માંડ્યા કે ભાઇ ! માનવી માત્ર ભૂલને પાત્ર છે. પશ્ચાતાપ કરી ભૂલને સુધારવા પ્રયત્ન કરે તે દૈવી આત્મા કહેવાય. જાગ્યા ત્યારથી સવાર. માટે તમો ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત બનો. હવેથી દારુ ન પીવો,ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, માંસ ન ખાવું વગેરે પ્રતિજ્ઞા કરો. તો ભગવાન આ પાપથી તમારી રક્ષા કરશે અને કરેલાં પાપ તમારા દૂર થશે. લ્યો હાથમાં પાણી અને કરો પ્રતિજ્ઞા,

કાયાભાઇએ હાથમાં જળ લઇ અને નીચે મેલ્યું અને કહ્યું કે મહારાજ ! આપની પાસે ખુદાની સાક્ષીએ પ્રતિજ્ઞા કરું છું કે હવે આજ પછી હું દારુ માંસ નહિ ખાઉં ને કોઇ ઉપર ખરાબ દૃષ્ટિ નહીં કરું અને કોઇ જીવની હિંસા નહીં કરું જીવનભર આ ટેક પાળીશ.

આમ પ્રતિજ્ઞા કર્યા બાદ કાયાભાઇના ગળામાં સ્વામીએ કંઠી નાખી અને હાથમાં માળા આપી. સ્વામિનારાયણનું નામ તે યુવાનની જીભ ઉપર રમવા લાગ્યું. તેમના સાથીદારો પણ કાયાભાઇની માફક પ્રતિજ્ઞા લઇને ભગવાનના ભક્ત બન્યા.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી હાથમાં માળા, ખંભે પૂજાનો ખડિયો અને પોતાનું તૂંબડું લઇ પાંચેય સંતોની સાથે સોરઠના ગામડામાં ફરવા ચાલી નીકળ્યા. કાયાભાઇ પણ પોતાના ગામ કમઢિયા ગયા અને ઘરની અંદર રહેલી અનેક અશુદ્ધિ દૂર કરી અને ભક્ત તરીકે જીવન જીવવા માંડ્યા.

એક વખત કાયાભાઇ પોતાના ઇષ્ટદેવ 'સ્વામિનારાયણ' ભગવાનના દર્શન કરવા માટે દાદા ખાચરના દરબારમાં ગયા. ત્યાં લીમડા નીચે સંતોની સભા વચ્ચે સહજાનંદ સ્વામી બેઠા હતા ને ધાર્મિક પ્રવચન આપતા હતા. કાયાભાઇએ પ્રભુને પ્રણામ કર્યા. શ્રીહરિએ નામ ઠામ પૂછયાં જેથી આ સંધિ યુવાને પોતાની પૂરતી ઓળખાણ આપી અને પોતાના ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સભામાં બેઠા હતા. તે ગુણાતીતાનંદ સ્વામીને પણ બતાવ્યા.

થોડીવાર કાયાભાઇ સભામાં બેઠા પછી ઊભા થઇ મહારાજને નમસ્કાર કર્યા અને પોતાના ઇષ્ટદેવને પીઠ ન દેવાય એટલે પાછા પગે ચાલતા થયા. આઘેરા ગયા તેવામાં એક કૂતરું સૂતેલું. તેના ઉપર અજાણતા પગ મેલાઇ ગયો અને કૂતરે કાંવકારો કર્યો અને સૂતુ'તું ત્યાંથી ઊઠી તે આઘેરું જઇને બેઠું. આ વખતે કાયાભાઇએ તે કૂતરાને સાષ્ટાંગ દંડવત કર્યા. તે જોઇને સભામાં બેઠેલા માણસોને આશ્ચર્ય થયું અને કાયાભાઇને પૂછયું કે તમોએ કૂતરા જેવા પ્રાણીને દંડવત કેમ કર્યા ?

ત્યારે કાયાભાઇએ કહ્યું કે હું ભગવાનનો ભક્ત બન્યો છું. તો મારાથી કીડી જેવા પ્રાણીને પણ દુઃખ ન થવું જોઇએ. આ કૂતરા ઉપર મારો પગ પડ્યો જેથી તેનો જીવ દુભાયો. એ કૂતરાને પ્રણામ કરીને માફી માગી. આ તેમનો જવાબ સાંભળી સભા જનો ભારે આશ્ચર્ય પામ્યા.

એક વખત કાચા ચીભડાની માફક માણસને કાપનાર અને વીફરેલાં વાઘની માફક ત્રાસ આપનાર દુષ્ટ આદમી આજે હાથમાં માળા લઇ શાંત બની જાય છે. કૂતરા જેવા પ્રાણીનો અપરાધ થાય છે તો તેનીપણ માફી માગી લે છે. આ ફેરફાર કંઇ થોડો ન કહેવાય. જે કાયમ માટે દારુ, માંસ, વ્યભિચાર અને વ્યસનમાં મશગૂલ રહેતા અને સામાજમાં ત્રાસ ફેલાવનાર માનવીના હાથમાં માળા આપી દીધી એ તાકાત કંઇ અસાધારણ ન કહેવાય.

# ૧૧. આશરાનો મહિમા

આ પૃથ્વીના પટ ઉપર પ્રભુના અનેક અવતારો થઇ ગયા અને થશે પણ વિક્રમ રાજાના અઢારમા સૈકામાં અવતારી ભગવાન સ્વામિનારાયણે જે દિવ્યતા પ્રસરાવી છે અને પ્રાણીઓને ભૌતિક અને અલૌકિક સુખના ભોગી બનાવ્યાં. તે એક અલૌકિક ઘટના છે. પોતે તો અનેક રીતે આત્માનાં કલ્યાણ કર્યાં પણ પોતાના ભક્ત દ્વારાએ પણ અનેકને મોક્ષપદના અધિકારી બનાવ્યા.

કૃપાના સિંધુ શ્રીસ્વામિનારાયણ ભગવાને આત્માના કલ્યાણ માટે આ સત્સંગરૂપી ધુધુબાજ માર્ગ ચલાવ્યો છે. તેની પુષ્ટિ માટે પ્રભુએ કેટલાક સંતોને, કેટલાક સત્સંગીઓને અને કેટલાક મુસલમાનોને પણ ભગવાનપણાનું ઐશ્વર્ય, આપ્યું હતું. અરે ! છેવટે લાકડી, રૂમાલ, ગુલાબ, વગેરેમાં પણ ચમત્કૃતિ મૂકી અને સમય આવતાં પાછી ખેંચી લીધી. હિરજી સુતાર અને મુસલમાન શેખજી ભક્તને સમર્થ બનાવી પાછું ઐશ્વર્ય ખેંચી લીધું. આમ જગતના કલ્યાણ કરવા પધારેલા પૂર્ણ બ્રહ્મ, અપાર શક્તિઓના સ્વામી છતાં પણ અલ્પ જીવના અપરાધને સહન કરી ધીર, ગંભીર, ગરવા બની અને તે આસુરી આત્માનું પણ ભલું કર્યું. અરે ! તે પ્રભુએ ભલું કર્યું એ તો બરાબર છે પરંતુ તેના ભક્તોના યોગમાં જે આત્માઓ આવ્યા તેનું પણ કલ્યાણ કર્યું. તેના ઉપર એક વાર્તા આપણે અહીં વાંચીએ.

સૌરાષ્ટ્રની ઊચી નીચી અને ડુંગરા ડુંગરી અને કરાડ્યોવાળી પૃથ્વીના પટ ઉપર સરવઇ પાટી નામે એક ગામ છે. આ ગામમાં ગોપાળ પટેલ નામના એક સારા સત્સંગી રહેતા હતા. આ ભાઇને ભગવાનની કીર્તન ભક્તિ વધારે વહાલી હતી અને કંઠ પણ મીઠો હતો.

જ્યારે સાંતીના સાંબડા ઉપર ઊભા રહી ટાઢે પહોરે લીલી નાઘેરની મહોલાતમાં સાંતી ચલાવતા ત્યારે ઊંચે સ્વરે મહારાજની મૂર્તિનાં કીર્તન બોલે ત્યારે આખીયે સીમ તેના કીર્તનના સૂરથી ગાજી ઊઠે અને માણસો સાંતી છોડી છોડીને આ ભાઇના કીર્તન સાંભળવા દોડી આવતા.

આ પ્રેમી ભક્ત પોતાની અડખે પડખેનાં ગામડાંમાં સ્વામિનારાયણના સાધુ આવ્યા છે તેવું સાંભળે એટલે સો એ સો કામ પડતાં મૂકીને પણ સંતો પાસે દોડીને જતા. આ ભક્તને ઘરમાં જે સ્ત્રી હતી તે મતપંથમાં હતી એટલે તેમને આ સત્સંગ ગમતો ન હતો. ઘણી વખત ગોપાળ ભક્ત ઘરવાળીને પાસે બેસાડીને મહારાજના મહિમાની વાતો કરીને સત્સંગ પાળવાનું કહે; પરંતુ આકરા સ્વભાવવાળી અને અવળચંડી આ બાઇ ભગતની કોઇ વાત કાને ધરે નહીં અને એક વખત કહે કે, તમારા એ સ્વામિનારાયણના સાધુડાને હું માનતી નથી.

આ શબ્દો સાંભળી ભગતના મનમાં બળતરા થઇ. સાથે રહેવું અને એક ઘરમાં જુદી ખેંચતાણ થાય તે વાજબી નહીં. મારો ભગવાન મારી સહાયતા કરશે અને આ બાઇને જરૂર સ્વામિનારાયણ નામના મહામંત્રનો જપ કરાવી શકીશ.

એક વખત દિવાળીના દિવસો હતા અને પાક બધા ઉતરવાની તૈયારીમાં હતા. માણસો સીમમાં મહેનત કરતા હતા. કોઇ કાપણી કરતા હતા. કોઇ ગાડાં ભરી ભરીને ખળામાં લઇ જતાં હતા. ભગત પણ પોતાના ખેતરમાં કામ કરતા હતા. બાર વાગવાનો સમય થયો. ભગતની ઘરવાળી ભાત લઇને આવ્યા.

આ વખતે ભગતે મનમાં નિશ્ચય કર્યો કે મારી ઘરવાળી પાંચ વખત સ્વામિનારાયણ નામ લે ત્યાર પછી જ મારે જમવું છે. બાઇએ ભગત આગળ ભાત છોડીને મૂક્યું અને કહ્યું કે, લ્યો રોટલા જમી લ્યો. ત્યારે ભગત બોલ્યા કે તું પાંચ વખત સ્વામિનારાયણ નામ લે તો હું જમું. એટલે બાઇ ખિજાણી અને કહ્યું કે આવી ખોટી હઠ શા માટે કરો છો ? તમો તમારો ધર્મ પાળોને હું મારો ધર્મ પાળું તેમાં તમને શું વાંધો છે ?

ભગતે કહ્યું કે, આજે મેં ટેક લીધી છે તે બરાબર છે અને તારે પાંચ વખત સ્વામિનારાયણ નામ લેવું પડશે.

ત્યારે બાઇએ કહ્યું કે, ખોટી હઠ કરો નહીં અને જમી લ્યો. ભગતે કહ્યું, આ મગના છોડવાનો પાથરો પડ્યો છે. તે લઇને તું બળદિયાને નાખીને અહીં મારી પાસે આવ. એટલે આપણે બન્ને વિચારણા કરીએ.

પછી તો બાઇએ પાથરા (ઢગલા) નીચે હાથ નાખ્યો. તેવામાં એક વીંછીએ બાઇના હાથમાં ડંખ ફટકાવ્યો. જેથી બાઇ ઊંચે સ્વરે બરાડા પાડવા લાગી અને ઓઇ મા, ઓઇ બાપ, હું મરી ગઇ. મારા હાથમાં એકદમ સબાકા આવે છે હવે મને કોઇ રીતે ઉગારો.

ત્યારે ભગત બોલ્યા, તારા દેવ દેવલાને સંભારવા હોય તેને સંભારી લે એટલે વીંછીનું ઝેર મોળું પડી જાય.

બાઇએ તો આ દરેક દેવતા, બાવા, ફકીર બધાને સંભાર્યા, પણ ઝેર ઉતર્યું નહિ અને વેદના વધવા માંડી. ત્યારે ભગત બોલ્યા કે, તું જો સ્વામિનારાયણ ભગવાનની આશ્રિત થા અને સ્વામિનારાયણનું ભજન કરીશ એવું નક્કી કર તો તને વીંછીનું ઝેર ઉતરી જાય. ત્યારે દુઃખથી પીડાએલી બાઇ કહેવા લાગી કે જો આ દુઃખ મટી જાય તો હું જીવું ત્યા સુધી સ્વામિનારાયણ ભગવાનનું ભજન અને તમારી જેમ જ પૂજા કરીશ.

ત્યારે ભગત બોલ્યા, 'તો મંડ્ય ભજન કરવા.' એટલે બાઇ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરવા માંડી અને જ્યાં વીંછી કરડેલો હતો ત્યાં ગોપાળ ભગતે હાથ ફેરવ્યો એટલે વીંછી ઉતરી ગયો અને બાઇને શાંતિ થઇ. પોતાના પતિને પગે લાગી અને કહ્યું કે, તમે ભક્ત સાચા અને સ્વામિનારાયણ ભગવાન પણ સાચા. મેં તમારો ઘણો અપરાધ કર્યો છે તો મારા ઉપર રાજી રહેજો. તમે જ મારા પરમેશ્વર છો.

ઉપર પ્રમાણે સહનશક્તિવાળા ગોપાળભક્તે ભગવાનની પ્રાર્થના કરી અને પોતાની ઘરવાળીને કરડેલ વીંછીનું ઝેર અને સાથો સાથ કુસંગનું ઝેર ઉતારી આ લોકમાં અને પરલોકમાં તે આત્માને સુખી કર્યો.

આ અડગ શ્રદ્ધાવાળા ભક્તોનું કહ્યું ભગવાન કરે છે. સ્ત્રી ભલે હરિ વિમુખ હોય, છતાં એ પણ જો ભક્તનો આત્મા બળિયો હોય તો ફાવે તે રીતે કરીને પણ તેને સત્સંગી બનાવે અને પુરુષ શ્રદ્ધાહીન, પુણ્યહીન અને નમાલો હોય તો સ્ત્રીને વશ થઇ અગણિત સુખના સાગર પ્રગટ અવિનાશીને છોડીને પોતાની સ્ત્રીની પાછળ પોતે પણ પાપના રસ્તે ચાલી મોક્ષ માર્ગમાંથી વિખુટો પડી જાય.

# ૧૨. રજપૂતને દિવ્ય ધામનાં દર્શન

જગતકર્તાએ આ જગતની રચના કરી અને તેમાં પૃથ્વીના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રચનાઓ કરી. ભારત ભૂમિનાં પશ્ચિમ છેડા ઉપર એક દ્વીપકલ્પ બનાવ્યો છે. જેનું નામ શાસ્ત્રકારોએ સૌરાષ્ટ્ર રાખેલું છે. આ સૌરાષ્ટ્ર ભૂમિ નાના મોટા ડુંગરાઓ, નદી નાળાથી વાંકી ચૂકી છે. આ પ્રદેશમાં શહેરો અને નાનાં મોટાં ગામડાંઓ વસેલાં છે. કેટલાક નદીના કાંઠા ઉપર તો કેટલાક ટેકરીઓ ઉપર અને કેટલાક ગામડાંઓ ડુંગરાની બખોલમાં વસેલાં છે. આ પ્રદેશનાં માનવીઓ ભોળાં ભલાં અને માયાળું છે. દેશમાં વિક્રમ સંવત ૧૯૦૦ના પાછલા ભાગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંતોએ વિચરણ કરી એને પાવન કરેલ છે. કેટલાક અજ્ઞાની અબુઝ માનવીઓને આત્મા-પરમાત્માનાં જ્ઞાન આપ્યાં. સદાચારના પાઠ ભણાવ્યા, લૂંટારા પીંઢારા, ફાંસિયા, અડબંગ માનવીઓને સમજાવીને સત્યને રસ્તે ચઢાવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ પોતાના પાર્ષદોની સાથે ગામડે ગામડે વિચરતા હતા અને માનવીઓને જ્ઞાનના દાન આપી પોતાનું સ્વરૂપ સમજાવી કલ્યાણને માર્ગે ચડાવતા હતા.

એક વખત શ્રીજી મહારાજ લાડીલા ભક્તોની સાથે ગામડાંઓમાં વિચરતા વાળાક દેશમાં આવ્યા. આ દેશમાં એક ગામના ચોરામાં પડાવ નાખ્યો. ગામના માણસો માયાળુ અને ભલા મનના હતા. તુરત જ પટેલે ઘેરથી ઢોલિયો, ગાદલું, ગોદડું અને તકિયો મગાવીને તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા.

આ ગામ લગભગ પંદરસો માણસોની વસ્તીનું હશે. ગામમાં વાયુ વેગે વાત પ્રસરી ગઇ કે પૃથ્વી ઉપર અધર્મનો નાશ કરવા અને આત્માઓનું કલ્યાણ કરવા પ્રભુનો અવતાર થયો છે અને તે પ્રભુ શ્રીસ્વામિનારાયણ નામથી કહેવાય છે. તેઓ આજે આપણા ગામમાં પધાર્યા છે અને રામજી મંદિરમાં ઉતર્યા છે. ચાલો દર્શન કરવા જઇએ. આ પ્રમાણે એક બીજાને વાત કરતાં ગામના માણસો ચોરાના પરથાર ઉપર આવી પ્રભુને પગે લાગ્યા અને પછી સભાના રૂપમાં બધા બેઠા. શ્રીહરિ પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભગવાનની ભક્તિ અને સદાચારની વાતો કરવા માંડ્યા. અમૃતથી અતિ મીઠાં વાક્યો સાંભળી ગામના મનુષ્યનાં હૃદય ટાઢાં થયાં. શ્રીહરિએ કહ્યું કે આ જગતમાં ધર્મવાળા ભાઇઓ હોય છે તે દારુ, માટી, ચોરી, વટાળ, વ્યભિચાર, વ્યસન. ચાડી ચુગલી વગેરે પાપ કર્મથી છેટા રહે છે. આવા ધર્મવાળા માણસો ઉપર તેના સગાં સંબંધી અને અન્ય માનવીઓને પણ સ્નેહ થાય છે. એ સિવાય અધર્મને માર્ગે ચાલનાર માનવીઓ અનેક પ્રકારનાં વ્યસનોથી ભરપૂર હોય. દારુ, માંસ, ચોરી, અવેરી, વટાળ વિગેરે કુકર્મથી ભરપૂર હોય. આવા પાપી માણસોનો કોઇ વિશ્વાસ કરતું નથી. તેવા આસુરીને ભગવાનના સાચા સંત પણ ગમતા નથી. જ્યારે ધર્મવાળા ભાઇઓને તો સંત સમાગમ ખૂબ ગમે છે. માટે ધર્મવાળા માણસોની સાથે સ્નેહ રાખવો અને અધર્મથી દૂર રહેવું. આ બધી વાર્તા, શ્રીહરિના મુખથી સાંભળીને ગામના ઘણા માણસોએ પ્રગટ ભગવાનનો આશરો કર્યો અને બ્રાહ્મણ પાસે રસોઇ કરાવી મહારાજને તથા પાર્ષદોને જમાડ્યા અને નિત્ય નિયમ કરી બધા સૂતા.

આ વખતે ગામના પટેલે પ્રભુને નમસ્કાર કરીને પૂછયું કે મહારાજ કાંઇ કામકાજ હોય તો કહો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે એક સારા ચોકીદારને અમારી પાસે મોકલો તો રાત આખી અમારી ચોકી કરે. પટેલે નમસ્કાર કરીને કહ્યું કે, બહુ સારૂં મહારાજ ! હમણાં જ મોકલું છું પછી એક બડકમદાર રજપૂતને ચોકી કરવાની ભલામણ કરી અને મહારાજ પાસે મોકલ્યો.

આ રજપૂત પૂર્વનો કોઇ સંસ્કારી આત્મા હશે. જેથી મહારાજ પાસે આવી પગે લાગી હાથજોડીને મહારાજ સામે બેઠો અને વિનયપૂર્વક શ્રીહરિને કહ્યું કે તમો ભગવાન કહેવાવ છો તો મને મારો આત્મા બતાવો. રજપૂતનું આ વચન સાંભળી કરુણામય લોચનવાળા કરુણા સિંધુ પ્રભુએ તે રજપૂતને કહ્યુ કે તું મારા સામું જો. એટલે આ યુવાને શ્રીહરિ સામુ જોયું. તુરત જ તેમને સમાધિ થઇ અને તે સામધિમાં મહા તેજોમય પોતાના આત્માનું દર્શન તેમને થયું. થોડીવાર સમાધિમાં રહી. આત્માનું સુખ માણી મહારાજની ઇચ્છાથી આ

રજપૂત જાગ્રત થયો અને પ્રભુના ચરણમાં પોતાનું મસ્તક મૂક્યું અને કહ્યું કે હે ભગવાન ! તમે મને કૃતાર્થ કર્યો અને મારો આત્મા મને દેખાડ્યો. આ રીતે ભગવાન શ્રીહરિએ આ રજપૂત ઉપર ખૂબ કૃપા કરી.

શ્રીજી મહારાજે આત્મ દર્શન માટેની વચનામૃતમાં વાત કહી છે કે, "જેને સત્સંગ થયો છે તેને તો પોતાના આત્માનું દર્શન પોતાના જ હાથમાં છે. અને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યોને ન દીઠું ?(વચ.ગ.પ્ર. ૨૦)

બીજાને તો તે માટે પ્રયત્ન કરવો પડે ત્યારે ઘણા દાખડે પોતાનું સ્વરૂપ જોઇ શકે આત્મ દર્શન પામી શકે પણ ભગવાનની શક્તિ તો અગાધ છે તેમણે આ મુમુક્ષુ ઉપર દયા કરી અને તેના પોતાના કોઇ પ્રયત્ન વગર નિષ્કારણ કરૂણા કરી શ્રીજીએ તેને આત્મ દર્શન કરાવ્યું.

પછીથી આ રજપૂતે કહ્યું કે હે મહારાજ ! તમો ભગવાન છો એ વાત તો હવે નક્કી છે તો હવે તમારું ધામ મને બતાવો.

તે મુમુક્ષુ આત્મા રજપૂતના શબ્દોને સાંભળી શ્રીહરિએ ફરીવાર તેને કહ્યું કે તું મારા સામું જો. એટલે રજપૂતે ફરીવાર પ્રભુના મુખકમળ સામું જોયું. એટલે તેમને તુરત જ સમાધિ થઇ ગઇ. સમાધિમાં સચ્ચિદાનંદ ચિદ્‌ઘન શ્વેત તેજ દેખાયું. આ મહા સુખમય, શીતળ અને શાંત તેજમાં એક અનુપમ ચિત્ત આકર્ષક સિંહાસનની રચના અલૌકિક હતી. આ દિવ્ય સિંહાસનમાં દ્વિભુજ દિવ્ય સાકાર શ્રીહરિને રજપૂતે જોયા તેથી પોતાને ખૂબ જ આનંદ થયો. આનંદ વિભોર બનેલ રજપૂતે મુક્ત સભા સામે દૃષ્ટિ કરી તો દૃષ્ટિ પણ પહોંચી નહીં એવી વિશાળ મોટી સભા બેઠેલી. જેથી આ રજપૂતે શ્રીહરિને પૂછયું કે મહારાજ ! આ સભા કેટલીક મોટી હશે ? ત્યારે મહારાજે કહ્યું કે તું મૂઠિયું વાળીને દોડવા માંડ અને પછી પાછું વાળીને જોજે. પ્રભુની વાત સાંભળી રજપૂતે મુક્ત સભાનો તાગ લેવા એકદમ દોટ કાઢી. ઘણો સમય સુધી દોડીને પાછું વાળીને જોયું. ત્યાં તો સિંહાસન ઉપર બેઠેલા મહારાજને નજીકમાં જ જોયા અને સભા તો અનંત અપાર મોટી દેખાણી. પ્રભુએ કહ્યું કે, ફરીવાર દોડો. જેથી રજપૂત દોડવા માંડ્યો. ઘણું દોડ્યો અને પછી પાછું વળીને જોયું તો સિંહાસનમાં શ્રીહરિ પાસે નજીક જ દેખાયા. એટલે તે રજપૂતે પ્રભુના ચરણમાં મસ્તક નમાવીને કહ્યું કે મહાપ્રભુ આપની આ દિવ્ય સભા તેનો પાર કોઇ પણ લઇ શકે તેમ નથી ને દરેકને નજીકથી દર્શન થાય છે. મહા તેજોમય અનંત મુક્તો આપના સ્વરૂપમાં રસબસ થઇને બેઠેલા છે. મારાથી તેનો પાર આવે તેમ નથી.

શ્રીહરિના ચરણમાં મસ્તક મૂકીને કહ્યું કે તમો તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન છો. અનેક જીવના આત્યંતિક કલ્યાણ માટે આ સૌરાષ્ટ્રની ભૂમિમાં વિચરો છો. અમારા ગામના લોકો તથા પશુ પંખીના પણ ધન્ય ભાગ્ય છે કે જેથી આપના દર્શન આ બધાને થાય છે.

રાત્રીના અગિયાર વાગ્યાનો સુમાર હતો અને રૂમઝુમ કરતી રાત્રી ચાલી જતી હતી. આકાશના તારલિયાઓ ઊંચે ઊંચે ઝગમગતા હતા. મંદ-મંદ સમીર વાતો હતો. ગામની બહાર સીમમાં ટીટોડીનાં ટગટગ શબ્દો થતા હતા. એકાદ કૂતરું પોતાની જાત પ્રમાણે ભસી અને ગામની ચોકી કરી રહ્યું હતું. બીજું બધું વાતાવરણ શાંત હતું. માનવીઓ મહાપ્રભુના શબ્દો સાંભળી પોતાના મનમાં તે શબ્દોનું મનન કરતાં સૂઇ ગયા હતા. આવે વખતે કૃપાળુ ભગવાને ચોકી કરનાર રજપૂતને અલૌકિક પ્રતાપ દેખાડ્યો. રજપૂતે હાથ જોડીને ભગવાનને કહ્યું કે મહારાજ અનંત બ્રહ્માંડોના રક્ષણહાર તમો જ છો. તમારું હું શું રક્ષણ કરું પણ મારી ઉપર કૃપા કરીને મને આ સેવા બતાવી એ મારું મોટું ભાગ્ય ગણાય.

પછી તો શ્રીહરિ પલંગ પર પોઢી ગયા રજપૂત સવાર સુધી સજાગપણે ચોકી કરતો શ્રી હરિના સમાજને ફરતો સંતરી-પેરો દઇ રહ્યો હતો અને મનમાં સંકલ્પ કરતો હતો કે અહો ! કેવું એ પ્રભુનું ધામ અને કેવું એ શીતળ સુખમય અને શાંત તેજ ! કેવું અલૌકિક સિંહાસન !! અને તેમાં પણ બિરાજતા પ્રતાપી પુરુષોત્તમ નારાયણ ! એ જ પ્રભુ આ મનુષ્ય રૂપે પલંગમાં પોઢ્યા છે. આ પ્રભુએ મારો આત્મા પણ મને દેખાડ્યો. માટે હવે તો જીવનપર્યંત આ ભગવાનનું જ ભજન કરવું છે અને તે પ્રભુનો દૃઢ આશરો રાખી તેમણે મને પંચવર્તમાન આપ્યાં છે તે બરાબર પાળીશ.

આ પ્રમાણે મનમાં સંકલ્પ કરતો આ યુવાન પોતાની જાતને ધન્ય ગણતો અને આનંદમાં સવાર સુધી પેરો ભરતો રહ્યો.

પ્રભાતનો પહોર થયો. સવારનો શીતળ મધુરો પવન વાવા લાગ્યો. એક બાજુથી કૂકડાના શબ્દો સંભળાતાં ગામની વનિતાઓ જાગી અને ઘંટીના ઘેરા નાદ ચાલુ કર્યા. સાથોસાથ પ્રભુના ગુણગાન રૂપ ધોળ પણ ગાવા માંડી. કોઇ કોઇ ઘેરથી છાશના ઘમકારા સંભળાવા માંડ્યા અને ગોળી ઉપર ગોઠવેલા ડેરના ડખ-ડખ શબ્દો સંભળાતા હતા. નાનાં-નાનાં છોકરાંઓ સવારમાં જાગીને કોઇ કોઇ ઘરે રડતા હતા. ગાયોના વાછરડાં ભાંભરતાં હતાં. ગાયોના દોહવાના પ્રથમ તીણા અને પછીથી ઘેરા ઘમકારા સંભળાતા હતા. આવે વખતે ભગવાને પહેરેગીર રજપૂતને કહીને પટેલને બોલાવ્યા ને જવાની વાત કરી. પટેલે શિરામણ કરવા માટે તાણ કરી પણ ભગવાન રોકાયા નહીં અને માણકી ઉપર સવાર થઇ ચાલતા થયા. સાથો સાથ બીજા ઘોડેસવારો પણ શ્રી હરિની સાથે જ રવાના થયા.

જે અનંત ભુવનના આધાર છે અને અનંત કોટી શક્તિઓના સ્વામી છે. અપાર, અથાહ, ઐશ્વર્યોથી ભરપૂર ભગવાન મનુષ્ય બન્યા છે અને અનેક જીવોના કલ્યાણ માટે અનંત પ્રકારની લીલા કરી રહ્યા છે. સૌરષ્ટ્ર ભૂમિને હજારો ધન્યવાદ ઘટે છે કારણ કે તે ભૂમિમાં ભગવાન ઘર કરી રહ્યા અને અનેક જીવનાં આત્યંતિક કલ્યાણ કર્યાં. ગામડે ગામડે સભાઓ ભરી. અજ્ઞાની જીવોના અજ્ઞાન હર્યા અને સરસ જ્ઞાનની જ્યોતો પ્રકટાવી. મોટા યોગીઓને પણ દુર્લભ એવાં આત્મદર્શન કરાવ્યાં. આત્મજ્ઞાન આપ્યું. આત્મ સત્તારૂપે જીવન જીવતા શીખવી પરમ પદવી આપી. આવા ભગવાનને આપણાં લાખો વંદન હો.

# ૧૩. તખા પગીની શરણાગતિ

આકાશનો જાંબુડિયા રંગનો ઘુમ્મટ આખાય વિશ્વ ઉપર છત્ર થઇને છવાયો છે. પ્રાણધારીઓ ઉપર પવનને પંખે હવા નાખે છે. વનવીથિકા પૂર બહારમાં ખીલી ઊઠી છે. નવાં નવાં કુંપળિયાં પવનમાં આમ તેમ ફર ફરે છે ને આદિત્યના પ્રકાશમાં એમાં લીલી પીળી મનોહર ઝાંય ચમકી ઉઠે છે. બીજી બાજુ ડોલર, ગુલાબ, મોગરા વગેરે ફૂલો વાતાવરણમાં પોતાની ફોરમ પ્રસારી રહ્યા છે.

આવા આનંદ સભર વાતાવરણમાં વૃક્ષ ઉપર વિહંગો કર્ણપ્રિય કલવર કરી રહ્યા છે. વચ્ચે વચ્ચે કોયલોના કૂહુ કૂહુ એવા સુમધુર ટહુકારો સંભળાય છે. મયૂરો પોતાની કળાઓ પૂરી ઢેલોના મંડપમાં નૃત્ય કરી રહ્યા છે.

આકાશમાં સવિતા દેવ અરધે આભે આવીને ઊભા છે. એવે વખતે બામણોલી ગામની સમીપે એક ભાગ્યશાળી રૂપાળી રાયણ નીચે અનંત ભુવનના આધાર, અવિનાશી અલબેલ, લટકાળો લહેરી પ્રભુ શ્રીહરિ વિરાજમાન થયા છે. મુક્તાનંદ સ્વામી આદિ સંતો તથા સોમ, સૂરા આદિ કાઠી દરબારો તેમજ જોબન પગી, તખો પગી, સુંદર પગી તથા ચકરો પગી વગેરે ધારાળાભાઇઓ પ્રભુ સામે બેઠા છે. ચકોર પક્ષીની જેમ સહુ પ્રભુના દર્શન કરે છે ને અમૃત વચનો સાંભળવા આતુર હોય એમ સહુનાં મુખ ઉપર જણાય છે.

શ્રીજીએ તખાપગી સામે દૃષ્ટિ સ્થિર કરીને પૂછયું, તખા પગી ! આ તમારા ભાઇ જોબન પગી તથા સુંદર પગી અને ચકરો પગી પણ સત્સંગના વર્તમાન ધારણ કરીને સત્સંગી થયા હવે તમારો શો વિચાર છે ? સત્સંગના નિયમો ધારણ કરી પ્રભુને આશરે આવવું છે કે પછી આમ ને આમ રહેવું છે ? બોલો !

પ્રભુનું આવું વચન સાંભળી ચબરાક તખો પગી મર્મભેર બોલ્યા, 'સ્વામિનારાયણ, આ જોબન અને ચકરા જેવા બકરા તમારા વાડામાં પુરાય પણ આ તખા જેવો સાવજ કોઇ દિવસ કોઇના વાડા કે વંડામાં પુરાતો હશે ખરો !'

આ સાંભળીને સહુ હસી પડ્યા પણ જોબન પગીએ તો રોકડું પરખાવતા કહ્યું, 'મહારાજ, અમારામાં આ તખો સાવ આડોડ ને અડબંગ છે. એ કોઇનો સમજાવ્યો સમજે નહિ એવો ભારે હઠીલો છે. કોઇક કહે એનાથી અવળું ચાલવું એ તો એનો નાનપણથી જ સ્વભાવ છે.

'અમને તો તમારા ભાઈ જાણીને એમના ઉપર દયા આવે છે. આવા કુકર્મોથી પાછા વળી કાંઇક માણસના મેળમાં આવે તો એના લાભમાં છે.' શ્રીજીએ પોતાની કરુણા દર્શાવતાં કહ્યું.

'બાપજી, આપ અને આ સાધુ લોકો જે કહો છો એ વાત મને ગળે નહિ ઉતરતી. ચોરી લૂંટફાટ, ધાડ પાડવી, મારા મારી કરવી એ તો અમારા ધરાનાનો બાપદાદાનો પોતીકો ધંધો એ મુંથી કેમ છોડાય ? તખા પગીએ તીખા સ્વરમાં કહ્યું.

અત્યાર સુધી મૌન બેઠેલા સુંદર પગીથી રહેવાયું નહિ. એણે કહ્યું 'બાપજી, આ તખો કોઇનો રોક્યો નહિ રહે. કંઇક હારશે એથી જ એ પાછો ફરશે. એને મરવા દો. છોને એ ધરાઇને બાપદાદાનો આ ધંધો કરે.

'મહારાજ ! આ તખા પગીનું કશું ઠેકાણું જ ન મળે. અમોએ એમને સમજાવવામાં કાંઇ બાકી રાખ્યું નથી પણ એ એકના બે થતા નથી. એ તો એમ જ ગોખ્યે રાખે છે કે સિંહ કે વાઘ વાડામાં ન જ પુરાય. વાડામાં પુરાય રહે એ તો ગાડર ને બકરા. હવે આપ દયાળુ કાંઇક ચમત્કાર કરી બતાવો તો વાત જુદી છે. બાકી અમે તો સહુએ હાથ ધોઇ નાખ્યા છે. બ્રહ્મમુનિએ પોતાનો મત દર્શાવતાં કહ્યું.

આ તખો પગી હતો પણ વાઘ જેવો ક્રૂર ને ઝનૂની આદમી. એ વીફરે ત્યારે કોઇનો નહિ. એણે જે ધાર્યું હોય એ પાર પાડ્યે જ છૂટકો. એને કોઇની પણ મહોબત આડી આવતી નહિ. ત્રાસ વર્તાવવામાં એ એક્કો હતો. એનો ભયાનક દેખાવ ને કારમી ત્રાડ સાંભળીને ભલભલાનાં ગાત્રો થથરી ઉઠતાં. પોતાના ત્રણે ભાઇઓ સ્વામિનારાયણમાં ભોળવાઇ ગયા ને બાપદાદાનો ધંધો છોડી હાથમાં માળા લઇને ભગત થઇ ગયા. એ એને જરાય નહોતું રુચતું. એથી તો એ આવી અવળાઇ કરી બેઠો હતો.

જીવપ્રાણી માત્રના નિયંતા ને સર્વના પ્રેરક એવા પરમાત્મા સામે જીવનું શું ગજું ! પ્રભુએ ગૂઢ સંકેત સાથે પગી પર દૃષ્ટિ કરી કે તુર્ત જ એની સૂધબૂધ હરાઇ ગઇ.

શ્રીજીએ પૂછયું, 'કેમ તખા પગી તમારે હવે સાધુ થવું છે ને ?

'હા, બાપજી આપ કહો છો ત્યારે સાધુ થઇએ ને ભગવાં ધોતિયાં આલો એટલે હવડે પહેરી લઇએ.' પ્રભુએ તુરત જ સંતો પાસેથી ભગવાં ધોતિયાં લઇને આપ્યાં તે પગીએ પહેરી લીધાં. માથે પાઘડી પણ સંતોના જેવી જ બાંધી અને શ્રીહરિએ તેમને સંતની સભામાં બેસાડી દીધા.

જે માણસ સત્સંગી થવાને માટે પણ તૈયાર ન હતો. તેણે ભગવી દીક્ષા ગ્રહણ કરી લીધી

'છે પ્રાણ દોરી પ્રભુને જ હાથ, સહુને નચાવે પ્રભુ વિશ્વનાથ.'

જેના હાથમાં સમસ્ત વિશ્વની પ્રાણદોરી છે એ પ્રભુ જેમ કરે તેમ થાય. તન મનને પણ એ પલટાવી નાખે છે.

પછી તો ભગવાને તખા પગીને કહ્યું કે 'તમારા ઘરમાં જે કાંઇ મૂલ્યવાન વસ્તુ હોય તે બધી લાવો અને અહીં ઢગલો કરો.

પ્રભુનાં વચન સાંભળી સંત બનેલા પગી પોતાનાં ઘરમાં ગયા અને જરિયાની છેડાવાળી મખમલની ગોદડીઓ, મખમલના ગાદલાં, જરિયાની સાડીઓ વગેરે સર્વ વસ્તુઓ ઘરમાંથી લાવી પ્રભુ આગળ ઢગલો કર્યો અને હાથ જોડી સામે ઉભા રહ્યા.

પછી મહારાજે કહ્યું, 'પગી, આ બધું સળગાવી દો. પગી બોલ્યા, ભલે બાપજી. તુરત જ દેવતા તૈયાર કર્યો અને સળગાવાની તૈયારી કરી. આવે વખતે ત્યાં બેઠેલા જોબન પગીએ કહ્યું, મહારાજ ! અત્યારે આપે તેમનું હૃદય ફેરવી નાખ્યું છે. તેથી અત્યારે આપ જેમ કહેશો તેમ કરશે. ઘર પણ સળગાવી દેશે' ને પછીથી માથે પછેડી ઓઢીને રોશે ને તમારે છાનો રાખવો પડશે.'

આ શબ્દો સાંભળી શ્રીહરિ જરા હસ્યા અને તખા પગી સામું જોયું અને તેમને પાછું પગીપણાનું ભાન કરાવીને પ્રભુએ પાછું પૂછયું, તખા પગી ! કેમ હવે સત્સંગી થવું છે ને ?

ત્યારે પગીએ જવાબ દીધો કે બાપજી વાઘ વાડામાં આવે નહીં. ત્યારે જોબન પગી બોલ્યા, કે ભાઇ 'તારા શરીર સામું તો જો. તું તારે હાથે જ આ તારી સંપત્તિ સળગાવી દેવા તૈયાર થયો છો !

તખા પગી બોલ્યા, 'અરે ! આ મને ભગવાં વસ્ત્ર કોણે પહેરાવી દીધાં ? જોબન પગી બોલ્યા, 'ભાઇ ! આપણે ભગવાનને ન જીતીએ માટે તેની ઇચ્છાને અનુસરવું તેમાં જ આપણું શ્રેય છે.'

તરત જ તખા પગીએ ભગવાં વસ્ત્ર ઉતારી નાખ્યાં. સરસામાન ઘરમાં મૂકયો અને પ્રભુનાં ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને કહ્યું કે ' મહારાજ મને વર્તમાન ધરાવો.'

શ્રીહરિ બોલ્યા, તખા પગી તમોએ પાપ ભેળું કરવામાં મણા રાખી નથી. મહા ભયંકર અને દુષ્ટ કર્મો તમોએ ઘણાં કર્યાં છે. પૃથ્વી ફાટી જાય તેવાં તમારાં પાપ છે પણ હું પુરુષોત્તમ નારાયણ છું અને તમો મારા શરણે આવ્યા છો તો હું તમને પાપથી મુક્ત કરું છું.

એમ કહી હાથમાં પાણી આપ્યું. મંત્ર બોલી નીચે મૂક્યું જેથી પૃથ્વી ધણેણી. પ્રભુએ કહ્યું, જુઓ આ તમારા પાપનો પ્રભાવ. હવે ફરીવાર પાપ કરશો નહીં, નહીંતર વ્યાજ સહિત વળગશે.

દારુ પીવો નહીં, માંસ ખાવું નહીં, ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ તથા વટાળ કરવો નહીં. ભાંગ, તમાકુ, બીડી, વગેરે કોઇ વ્યસન કરવું નહીં. દૂધ, પાણી, ઘી વગેરે ગાળીને વાપરવાં. આચાર શુદ્ધિ બરાબર રાખવી. હવેથી તમો સત્સંગના વર્તમાન પાળી સૌમ્ય સત્સંગી થઇને જગતમાં પ્રખ્યાત થાવ.

પછી તો રૂડિયા રખડુને પણ ત્યાં મહારાજ પાસે લાવ્યા. તેને પણ સત્સંગી બનાવ્યો અને તેણે બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં રહી ઘણાં કીર્તનો કંઠસ્થ કર્યાં હતાં. તેનો રાગ પણ મધુર હતો. આથી તેને કીર્તનીયા રૂડા ભગત નામથી સહુ બોલાવતા.

અધમ ઉધારણ એવું પોતાનું નામ; સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ . રા૪૦

આ પ્રમાણે અનેક પાપના પુંજ સમાન માનવીઓને પ્રભુએ પાવન કર્યા. ભરાડીમાંથી ભક્ત બનાવ્યા. અટંટ આદમીને કોમળ કર્યા.

આમ શ્રીહરિએ તખા પગીનું અને રૂડિયા રખડુનું કામ કરી બંનેને સમાજમાં ને સત્સંગમાં રૂડી કીર્તિ મળે તેવા કર્યા અને અંતે અક્ષર ધામ આપ્યું. પછી તો તખા પગીના ગામ બામણોલીમાં શ્રી હરિએ અનેક લીલા કરી. ત્યાં કૂવામાં સ્નાન કરેલું અને ભક્તને આનંદ આપેલો છે.

એક વખત ભગવાન અનેક લીલા કરતાં અને ભક્તોને લાડ લડાવતાં કરુણાનિધિ પ્રભુ કોઠીમાં સંતાયા. જેથી ભક્તો ભગવાનને ચાર બાજુ ખોળવા લાગ્યા. ભગવાન પોતાની ઇચ્છાથી સહુના દેખતા એમાંથી બહાર આવ્યા.

નોંધ :- આ કોઠી હજી પણ તખા પગીને ઘેર છે. કેટલાય પ્રેમી યાત્રાળુઓ એ કોઠીનો બુરા હાલ કરી નાખ્યા છે. જે દર્શન કરવા આવે તે થોડો કટકો કોઠીમાંથી કાપી લે આમ કરીને કોઠીની દશા બગાડી નાખી છે.

કોઠીને વાચા નથી નહિતર એ દર્શન કરવા આવેલા પ્રેમીઓને કાંઇ કહી દે ખરી ! શ્રીજી મહારાજ આમાં રાજી ન થાય. મહિમામાં પણ વિવેક રાખવો જોઇએ અને પ્રસાદીની ચીજ વસ્તુ બગડે કે નાશ પામે નહિ તેનું ધ્યાન રાખવું જોઈએ.

# ૧૪. તેની મદદ કરે મુરારી

મહારાષ્ટ્ર પ્રદેશમાં એક રૂપાળું ગામડું. એમાં જુદી જુદી જ્ઞાતિનાં માણસો વસે. ગામ તો આસ્તિક અને સહુ પોતપોતાના ઇષ્ટદેવની આરાધના પ્રીતિપૂર્વક કરે.

આ ગામમાં થોડા સમય પહેલાં ગુજરાત પ્રદેશમાંથી એક બ્રાહ્મણ કુટુંબ આવીને વસેલું. આ કુટુંબના આગેવાનનું નામ ઝુમખરામ અને નાના ભાઇનું નામ મુગટરામ. આ બન્ને ભાઇઓ અને તેમના માતા પિતા સુખેથી રહે. ઝુમખરામ પોતે સારા વિદ્વાન. એટલે કથા, પારાયણ વગેરે ધાર્મિક કર્મકાંડ કરે. જેથી માણસોનું આકર્ષણ તેમના પ્રત્યે સારું રહે. મુગટરામની ઉંમર આશરે ૧૫ થી ૧૬ વર્ષની ખરી.

બંને ભાઇઓ પ્રગટ ભગવાન સ્વામિનારાયણના દૃઢ ઉપાસક અને શ્રીહરિની આજ્ઞા અણીશુદ્ધ પાળે. નાહવું, ધોવું પૂજા-પાઠ, સંધ્યા, વંદન અને વૈશ્વદેવ વગેરે બ્રાહ્મણનાં કર્મ પણ શ્રદ્ધાથી કરે અને પવિત્રપણે રહે.

બંનેનાં હૃદયમાં પ્રગટ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણનું અપાર બળ. જેથી જે ઠેકાણે બેઠા હોય ત્યાં મહારાજના મહિમાની અને ચરિત્રની તથા પરચા ચમત્કારવાળી બળ ભરેલી વાતો કરે. સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમની વાતું કરે અને લોકોને સમજાવે કે દારુ પીવો નહીં. માંસ ખાવું નહીં. વટાળ કરવો નહીં. કોઇના ઉપર ખોટી આળ નાખવી નહીં. તેમ કોઇને ગાળ દેવી નહીં. કોઇની ચાડી, ચુગલી કરવી નહિ. મંત્ર તંત્ર ભૂત પિશાચ વગેરે મલિન દેવ ઉપર આસ્થા આવવા દેવી નહીં. તેમ કોઇ દેવ કે ધર્મની નિંદા કરવી નહિ સત્ય, હિત અને પ્રિય વાણી બોલવી. વાણીમાં અપશબ્દ બોલવા નહીં. માર્મિક વચનો પણ બોલવાં નહીં. સમાજમાં ફીટકારને પાત્ર થઇએ તેવું કોઇ કામ કરવું નહીં. દુષ્ટ માણસોનો સહવાસ રાખવો નહીં. ભગવાનના મંદિરમાં જવું. ત્યાં ભગવાનની કથાવાર્તા સાંભળવી. સાધુ પુરુષોનો સમાગમ કરવો અને પોતાના આત્માનું ભલું થાય તેવું કાર્ય કરવું. ભગવાનના અવતારોને વિષે અનાસ્તા આવવા દેવી નહીં. શુદ્ધિ પણ બરાબર રાખવી. પાણી ગાળવું, દુધ ગાળવું, તેલ ગાળવું. મસાલા બધા સાફ કરવા. તેમાં જીવાંત પડી ન જાય તેની કાળજી રાખવી. મરચું અને હળદરમાં પણ જીવાંત પડી જાય એટલે તેને પણ તપાસતાં રહેવું. લોટ રાખવાનાં વાસણોમાં જૂનવાણી લોટ ચોંટયો હોય તો તેમાં પણ ઇયળું પડી જાય. અનાજ પણ દાણે-દાણો કરી જોઇને જીવાંત, કાંકરી અને કસ્તર કાઢીને જ દળવું. ઘંટીના ગાળામાં તથા થાળામાં લોટ ચોંટયો રહે તો તેમાંથી પણ જીવાંત ઉત્પન્ન થાય. માટે તેને પણ સાફ રાખવાં. ગોળા દરરોજ વીછળવા; નહીંતર તેમાં શેવાળ જામી જાય. આગલા દિવસનું વાસી પાણી ગાળી નાખવું. પાણિયારું સાફ રાખવું પાણિયારાની ચોકડીમાં તથા અડખે-પડખે કાદવ જામી જાય તો જીવાંત થાય. પાણીની કૂંડી પણ દરરોજ ઉલેચી નાખવી; નહિતર તેમાંથી ગંધ છૂટે. મચ્છર, માખી વગેરે રોગ વધારનારા જીવ ઉત્પન્ન થાય. ઘરને આંગણે તુલસી કયારો રાખવો. પવિત્રપણે તુલસીનું પોષણ કરવું. મનુષ્યોએ પણ પોતાનાં કપડાં સાફ રાખવાં. નાહવું, ધોવું, પ્રભુની પૂજા કરવી અને સવારમાં વહેલું ઉઠવાની ટેવ પાડવી.

ઉપર પ્રમાણે ઝુમખરામ વિપ્રની વાતો સાંભળી ગામના અને અડખે-પડખે ગામનાં માણસો તેના પ્રત્યે ખેંચાવા માંડ્યા. એક સારા સુપાત્ર બ્રાહ્મણ આપણા દેશમાં આવ્યા છે અને તે વાતો કર્યે સારા વિદ્વાન છે. ધર્મ નિયમ પણ સારા પાળે છે આવી સુકીર્તિ આજુબાજુમાં ફેલાવા લાગી. જેથી ઝુમખરામનો નિર્વાહ સરસ રીતે ચાલવા માંડ્યો.

એક વખત ઝુમખરામ તથા મુગટરામ બંનેને શ્રીજી મહારાજે દિવ્ય દર્શન આપ્યાં અને કહ્યું, આજથી ત્રણ મહિના પછી આ મુગટરામનો દેહ પડશે અને તેને તેડવા માટે અમો આવીશું. સાથે ૨૫ પાર્ષદો પણ લાવીશું. તે વખતે મુગટરામ તથા તેની પાસે જે બેઠા હશે તેને અમારા તથા પાર્ષદોનાં દર્શન થશે અને તે પાર્ષદો બંદૂકોના બાર કરશે. એ અવાજ ગામના માણસો સાંભળશે. પછી અમો મુગટરામને તેડી જઇશું. એમ કહી શ્રીહરિ અદૃશ્ય થઇ ગયા.

વાયદો આવી પહોંચ્યો. એક ઓરડામાં મુગટરામનો ખાટલો છે. પડખેના ઓરડામાં બધા રહે છે. તેની નજીકમાં જ બજારમાં બારણું પડતી દુકાન છે. તેમાં બેસીને ઝુમખરામ વેપાર કરે છે અને લોકોને ભગવાનની વાતો પણ કરે છે.

એક દિવસ મુગટરામે ઝુમખરામને કહ્યું કે 'મોટા ભાઇ આપણા માતા-પિતાને મારી પાસે આવવા દેશો નહીં અને જો આવશે તો હું તેમને બચકું ભરીશ. આ સાંભળીને ઝુમખરામે પોતાના માતા-પિતાને મુગટરામ પાસે ન જવાની સૂચના આપી.

એક દિવસ મુગટરામને શરીરમાં મંદવાડનું દુઃખ હોવાથી ઊહકારા કરતા હતા અને ખાટલામાં સૂતા હતા. તેમના ઊહકારા સાંભળી પુત્ર પ્રેમને લીધે માત-પિતા તેમની પાસે ગયા અને દયાળુ સ્વભાવથી પોતે વહાલા પુત્રને પૂછયું કે કેમ છે ભાઇ મુગટરામ ! બહુ દુઃખ થાય છે ? તેવામાં મુગટરામ ખાટલામાંથી ઉછળ્યા અને તે બન્નેને એક એક બટકું ભર્યું ત્યારે મુગટરામના માતા-પિતાએ ચીસ પાડી. તેને સાંભળીને ઝુમખરામ દુકાનમાં બેઠા હતા ત્યાંથી આવીને એકદમ મુગટરામને પૂછયું, 'મુગટરામ તેં આ શું કર્યું ? ત્યારે તે બોલ્યો કે ભાઇ રામાવતારમાં હું એક ઋષિ હતો. અને જંગલમાં તપ કરતો હતો. નાની એવી પર્ણકુટિ બાંધીને હું રહેતો હતો અને ભગવાનની આરાધના કરતો હતો. તેવામાં રામચંદ્રજી ભગવાન વનવાસમાં ફરતાં ફરતાં મારા આશ્રમ નજીક આવ્યા. તેની ખબર તેમના નાના ભાઇ ભરતજીને પડી એટલે તેઓ રામચંદ્રજીને મળવા માટે આવ્યા. સાથે ઘણું માણસ હતું. એ વખતે આપણા માતા-પિતા રામચંદ્રજીના દર્શન કરવા માટે અયોધ્યાથી આવેલા. તે બંને ક્ષત્રિય દંપતીએ મારી પર્ણકુટીની નજીકમાં આવીને પર્ણકુટીને ઉપરથી ખેંચી હતી અને પછી તે હસતાં હસતાં ચાલ્યાં ગયાં. હું તેને કાંઇ કરી ન શક્યો તેનું વેર મારા હૃદયમાં રહી ગયું. તેની સ્મૃતિ મને આજે થઇ ને મેં વેર વાળ્યું. હવે કંઇ નથી. હું શ્રીજી મહારાજના ધામમાં જઇશ.

મુગટરામ ખાટલામાં મંદવાડની છેલ્લી સ્થિતિમાં સૂતો છે. મૃત્યુ આડી ઘડીઓ ગણાય છે. શ્વાસ ચડી ગયો છે. નાડીઓ ખેંચાય છે. આવી વસમી વેળાએ શ્રીહરિ પોતાના લાડીલા ભક્તની પાસે પધારે છે અને દર્શન આપે છે.

મુગટરામ બોલ્યો, ભાઇ ! બાપુજી ! આ શ્રીજી મહારાજ પધાર્યા. સાથે ૨૫ પાર્ષદો છે. મોટો દિવ્ય રથ છે. તમને બધાને દર્શન થાય છે ને ? ઝુમખરામ તથા નજીકના માણસો બોલ્યા, હા ! અમો પણ ભગવાનને ભાળીએ છીએ. મુગટરામે કહ્યું. તો પછી હું મહારાજની સાથે જાઉં છું. કરો તૈયારી. તુરત જ ઝુમખરામે બ્રાહ્મણને યોગ્ય બધો અંતિમ વિધિ કર્યો અને મુગટરામે જય સ્વામિનારાયણ કહી શરીર છોડ્યું. તુરત જ બંદૂકોના અવાજ થયા. તે ગામના તથા અડખે પડખેના માણસોએ સાંભળ્યા પછી મુગટરામના શરીરનો શાસ્ત્રવિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

અનંત આત્માઓના ઉદ્ધાર માટે પધારેલા અનંત વિશ્વના સ્વામી અને અક્ષરના આધાર ભગવાન સ્વામિનારાયણે આજે રંગડાની રેલવાળી છે. અનંત અવતારોથી ભટકતા પ્રણીઓનો આ વખતે અવિનાશીએ ઉદ્ધાર કર્યો છે.

મુગટરામનો આત્મા રામાવતારમાં પણ તપ કરતો હતો. ત્યારથી પછી ઘણા અવતારોમાં તેમણે અનેક પુણ્યો કર્યાં હશે. ઘણાં તપ કર્યાં હશે. ઠેઠ ત્રેતાયુગથી અદ્યાપિ સુધી આ આત્માએ એક નિષ્ઠાથી આરાધના કરી હશે ત્યારે પુરુષોત્તમ નારાયણની ઓળખાણ થઇ અને છેવટે પ્રભુના ધામની પ્રાપ્તિ થઇ.

આપણે પણ કરોડો જન્મથી ભટકતાં હશું. ઘણાં સાધનો કર્યાં હશે ત્યારે આ ભગવાન અને સંતોનો યોગ થયો છે અને સત્સંગ ઓળખાણો છે. એટલે દુનિયાનું ડહાપણ અને વિષય ભોગવવાની તૃષ્ણા તથા મોટપનો ડોળ છોડીને નિર્વિકાર થઇ શ્રી હરિના સ્વરૂપમાં તલ્લીન થઇ જવું તો ભવની ભાવટ ભાંગી જશે અને અનાદિ સુખરૂપ શ્રીહરિના ચરણકમળની પ્રાપ્તિ થશે. કોઇપણ પ્રકારની અશુભ વાસના હોય તો પણ છોડી દેવી. કોઇ દિવસ અભિમાન આવવા દેવું નહીં. ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહીં. સત્સંગમાં દીન આધીન રહેવું. દાસભાવથી નિરંતર સેવા સ્મરણ કરવાં. સત્સંગના નિયમો બરાબર પાળવા. હિંમત સહિત જ વાત કરવી પણ હિંમત રહિત કદી વાત કરવી નહીં

જો હોય હિંમત રે, નરને ઉરમાંહિ ભારી; દૃઢતા જોઇને રે, તેની મદદ કરે મુરારી.

એટલે મહારાજના સ્વરૂપની પૂર્ણ દૃઢતા, સત્સંગમાં મમત્વનો ભાવ, ભગવાનના ભકતમાં મિત્રતા અને પોતાના અવગુણ જોવાની ટેવ. આ બધી બાબતથી ભગવાન રાજી થાય છે.

ઝુમખરામ તથા મુગટરામ બંને જન્મો જન્મના ભક્ત હતા પણ આ અવતારે મહારાજમાં પાકી નિષ્ઠા થઇ અને સત્સંગ માથા સાટે રાખ્યો તો અંતે બન્ને ભાઇની મુક્તિ થઇ અને શ્રીહરિના ચરણારવિંદની સેવાના ભાગીદાર બન્યા.

આજે શ્રીજી મહારાજે અમૃતનો મેહ વરસાવ્યો છે. તેમાં સાકરના કરા પડે છે. સાચાં મોતીના મેઘ વરસે છે. એટલે સત્સંગને રસ્તે ચાલનારાના અહો ભાગ્ય છે.

# ૧૫. સૂબાનું નિષ્ફળ કાવત્રું

ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરમાં આજથી દોઢસો વર્ષ પહેલાં વિશાળ રાજભુવનના એક ખંડમાં જગતમાં કહેવાતાં મુત્સદી વર્ગમાં જેની ગણના થાય તેવા પરમાત્માને માર્ગે બૃદ્ધિ વિનાના બે સૂબાઓ નીચે પ્રમાણે પરસ્પર વાતો કરી રહ્યા છે અને પરિયાણ કરી પોતાનાં જ શિર ઉપર આફત વહોરી રહ્યા છે.

સાવરકર કહે છે કે સૂબા સાહેબ ! તમોએ કંઇ સાંભળ્યું !

વિઠોબા બોલ્યા : ના સાહેબ, કંઇ નવીન હોય તો વાત કરો.

સાવરકર બોલ્યા, સાહેબ ! આ સ્વામિનારાયણનું તૂત ગુજરાત સૌરાષ્ટ્રમાં ખૂબ ફાલ્યું ફૂલ્યું છે. ચારે બાજુ અત્યારે માણસોમાં સ્વામિનારાયણના પરચા ને ચમત્કારની જ વાતો થાય છે. માણસો એમ કહે છે કે સ્વામિનારાયણ, ભગવાનનો અવતાર છે પણ કેટલાક સમજુ માણસો એ વાત માનવા તૈયાર નથી. તેમ બીજા મતવાદીઓના ભેખધારીઓ પણ આ વાતને માન્ય કરતાં નથી. જેથી સ્વામિનારાયણના શિષ્યોમાં સામસામું ઘર્ષણ ચાલે છે. બધા સંપ્રદાયો એક થયા છે અને સ્વામિનારાયણના ઢોંગને વખોડી, બંધ કરવા પ્રયત્ન કરે છે; પરંતુ તેમાં તે લોકો ફાવતા નથી. સ્વામિનારાયણ મહા કારસ્તાની છે. વળી દાવપેચમાં પણ ખૂબ કુશળ છે. જંત્રમંત્ર, જાદુ વિદ્યામાં પણ સ્વામિનારાયણ પાવરધા છે.

પૂર્વ દેશના એ પુરબિયાએ આ આખા દેશને વશ કરી લીધો છે. કાઠી, કોળી, કણબી, વાણિયા, બ્રાહ્મણ વગેરે બધી કોમના માણસો તેમની પાછળ ગાંડાતૂર થઇને ફરે છે. સ્વામિનારાયણના પાંચસો ઉપરાંત સાધુઓ ગામડે ગામડે ફરે છે. લોકોને ન્યાયનીતિની ને ધર્મની વાતો કરે છે. એમ કહી આકર્ષણ કરી પછી સ્વામિનારાયણ ભગવાન છે એવા પાઠ ભણાવે છે. આમ ચારે બાજુ સ્વામિનારાયણના નામનો હોકારો વાગી રહ્યો છે. ગામે ગામ શહેર શહેર અને જંગલમાં બેઠેલા માલધારીઓ પણ સ્વામિનારાયણના ગુણ ગાય છે. ચતુર, ભોળો, વિદ્વાન અને અભણ આ બધા માણસો સ્વામિનારાયણની પાછળ ગાંડાતૂર થઇને ફરે છે.

આ પ્રમાણે સ્વામિનારાયણ સંપ્રદાયનો ગુજરાતી પ્રજામાં એકદમ બળવાન ઉદય થયો જાણીને બધા ભેખધારીઓ ભેળા થયા અને એ પંથ અટકાવવા માટે મરતાં સુધી પ્રયાસ કરવા આવું નકકી કરે છે. તેવામાં આપણા અમદાવાદના જ આંગણામાં જેતલપુર ગામે સ્વામિનારાયણે અઢાર દિવસનો મહા રુદ્રયાગ કર્યો અને તેમાં લાખો માનવીઓ ભેળા થયા હતા. હજારો બ્રાહ્મણોને અઢાર દિવસ સુધી ખૂબ જમાડયા. દક્ષિણાઓ ખૂબ આપી અને છેવટે બધા વિદ્વાન બ્રાહ્મણોની પરિષદ ભરી. તેમાં આપણા શાકતમતનું સ્વામિનારાયણે ખંડન કર્યું. દેવી પૂજામાં જે માંસ, મદિરા માતાને ધરે તે ચાંડાલ અને દુષ્ટ કહેવાય એમ કાશીના વિદ્વાનો પાસે સ્વામિનારાયણે કહેરાવ્યું. અરે, સાહેબ ! આપણા ધર્મના આચાર્ય ને મહાન સિદ્ધમાં અગ્રણી આચાર્ય કીચક પણ સ્વામિનારાયણ સામે પરાજય પામીને અહીં અમદાવાદમાં આવ્યા છે ને પોતાના પરાજયની શરમથી તેઓ બહાર પણ નીકળતા નથી. માટે આપણે એ સ્વામિનારાયણને માટે કંઇક વિચાર કરવો જોઇએ.

વિઠોબા બોલ્યા, સૂબા સાહેબ તમોએ જે વાત કરી તે મેં પણ ઘણા પાસેથી સાંભળી છે પણ એ સ્વામિનારાયણ કળિયા-છળિયા અને નટખટ છે. તેમને કોઇ કળી શકે તેમ નથી. તેમની ચાણકય નીતિ એ પણ અતિ ઉત્તમ છે. વળી કાઠિયાવાડના કાઠીઓ, બાબરિયાવાડ સોરઠના આહીરો, ગુજરાતના ઠાકોરો, ગોંડલ, ઇડર અને ધરમપુર આ રાજયો પણ એ સ્વામિનારાયણના આશ્રિત છે. વળી બીજા પણ ઘણા સમજુ માણસો એમને અનુસર્યા છે. જેથી જાહેર રીતે તો આપણે સ્વામિનારાયણને કંઇપણ કરી શકીએ તેમ નથી. જો તેમને પકડવા જઇએ તો ચોક્કસ આપણે માર ખાવો પડે. કારણકે સ્વામિનારાયણની સાથે મહાન બળવાન અને શૂરવીર શસ્ત્રધારી માણસો ખડે પગે ચોકી કરતા હોય છે. એટલે આપણે કોઇ બીજી યુકિત કરવી પડશે.

સાવરકર બોલ્યા, તો પછી કઇ યુકિતથી એ સ્વામિનારાયણનું જડમૂળ આપણે કાઢી શકીએ તેવો કાંઇ ઉપાય હોય તો સાહેબ બતાવો. સ્વામિનારાયણે બાબરો ભૂત વશ કર્યો છે. એટલે તેઓ ન જોયેલું, ન સાંભળેલું બતાવી શકે છે. તેમની પાસે જે માણકી ઘોડી છે તે ઇન્દ્રજાળનો અવતાર છે. એટલે એ ઘોડી ઉપર બેસીને સ્વામિનારાયણ આકાશમાં પણ ફરી શકે છે. માટે આ બધી તમે શક્તિ ખ્યાલમાં રાખીને તમે જે કાંઇ ઉપાય શોધો તેમાં ખૂબ નક્કરતા હોવી જોઇએ.

જેમની હૈયાની અને બહારની બંને આંખો ફૂટી છે અને વિવેક બુદ્ધિ નષ્ટ થઇ છે એવા અને આસુર ભાવથી ભરપૂર અને પંચ મકારમાં રચ્યા પચ્યા રહેલાં આ બંને વૈભવ જીવડાંઓ પરબ્રહ્મનો પરાભવ કરવા માટે ઉપર પ્રમાણે વિચાર કરી રહ્યા છે પણ કંઇ દશ સૂઝતી નથી આમ ઘણા દિવસના વિચાર બાદ એક વખત બંને જણા બેસીને યુકિત ઘડે છે.

વિઠોબા બોલ્યા, સૂબા સાહેબ મને એક યુકિત સૂઝી આવી છે. તે તમોને જો યોગ્ય લાગે તો આપણે તેની અજમાઇશ કરી જોઇએ.

સાવરકર કહે, શું સાહેબ ! વાત કરો.

વિઠોબા કહે, આપણા આ ભદ્રના કિલ્લાના મોટા ઓરડામાં બાદશાહી વખતનો જૂનો ગંજાવર તેલનો ટાંકો છે. આ ટાંકા ઉપર ખપાટિયા અને બીજા એવા કમ તાકાત લાકડાંઓ ગોઠવી દઇએ. તેના ઉપર મોટી ગાદી તકિયો અને તેના ઉપર સોનેરી, રૂપેરી, કસબ ભરેલ શોભાયમાન મખમલનો ઓછાડ અને તકિયા ઉપર પણ મખમલનું કવર. આ પ્રમાણે શોભાયમાન ગાદી ગોઠવી સ્વામિનારાયણની ધામધૂમથી પધરામણી કરી અને કિલ્લામાં પધરાવવાં પછી તેમના બધા માણસોને કચેરીના રૂમમાં ગોઠવી સ્વામિનારાયણને ખાનગી વાત કરવી છે. એમ કહી એકલાને આ રૂમમાં લાવી આ ગાદી ઉપર બેસાડવા. એટલે ગાદી તકિયા સહિત સ્વામિનારાયણ તેલના ટાંકામાં પડી જશે અને ઉપરનું ઢાંકણું બંધ કરી દઇશું. પછી બીજે બારણે થઇને બહાર નીકળી જઈશું. પછી જે થવાની હશે તે થશે પણ આખા દેશનો ઉકળાટ તો બેસી જશે.

જેનાં કરમ ફૂટયાં હોય અને જેની પડતી થવાની હોય તેવા દુષ્ટ માણસોને આવા અવળા વિચારો આવે જેથી અવળા ઉપાય કરે. સરવાળે પોતે નાશ પામે છે. જીવ અનેક પ્રકારની યુકિતઓ કરે પણ ચરાચર વ્યાપક સત્ય સ્વરુપ શ્રીહરિ તો સર્વ જાણે છે. જીવને ઘડીભર ખેલ ખેલવા દે અને તેની બુદ્ધિનું ડહાપણ લડાવવાની પ્રભુ તેને તક આપે છે. સરવાળે તો તેનો વિનાશ જ થાય. જેમ પતંગિયું દોડીને દીવાને ઠારવા માટે પાંખો પહોળી કરે પણ પાંખો બળી જાય અને પતંગિયું મરી જાય. તેમ પ્રભુના વિરોધીની પણ તેવી જ પરિસ્થિતિ થાય છે.

આજે અમદાવાદ શહેરમાં શ્રીહરિ નવા વાસમાં સભા કરીને બિરાજ્યા છે. ત્યાં સૂબાના માણસો શ્રીહરિને ભદ્રમાં પધારવા માટે આમંત્રણ આપે છે. એ આમંત્રણને અલૌકિક લીલાને કરનાર અવિનાશી સ્વીકારે છે. સરકારી પલ્ટન, સરકારી વાજાંઓ આ સરકારી ધામધૂમથી દબદબાભેર માભા પૂર્વક મહાપ્રભુ સંત પાર્ષદો અને કાઠીના સવારોએ સહિત ભદ્રના કિલ્લામાં પધારે છે. આસુરી ભાવના સૂબા કપટથી કરુણાનિધિની સામે આવી પધારો.. પધારો.. કહી, પ્રભુને એકલાને અંદર લઇ જાય છે અને ગાદી ઉપર બેસવાનો આગ્રહ કરે છે. શ્રીહરિ તે ગાદી ઉપર બેસતા નથી. સૂબાએ અતિ આગ્રહ કર્યો એટલે પ્રભુએ એમ કહ્યું કે અમે નહિ બેસીએ પણ અમારી લાકડી બેસશે. આમ બોલી હાથમાં રહેલી લાકડી ગાદી ઉપર દબાવી એટલે કડૂડૂ....ભૂસ કરતી ગાદી તેલના ટાંકામાં પડી અને વખંભર મોટું તેલથી ભરેલ ટાંકું નજરે પડયું. સોમ, સૂરા વગેરે પરાણે ધસી આવેલ પાર્ષદો સૂબાને મારવા દોડયા પણ શ્રીહરિએ વાર્યા. દેવાનંદ સ્વામીએ શાપ દેવા માટે હાથ ઊંચો કર્યો અને પટનશો ડટન કરવાની તૈયારી કરી ત્યારે શ્રીહરિએ તેમને પણ વાર્યા. સૂબાને મીઠો ઠપકો આપતાં કહ્યું, તમો રાજવીઓને આમ ઘટે નહીં. પેશવાનું રાજ પહેલાં તો ન્યાય નીતિ ને ધર્મવાળું હતું પણ સ્વાર્થી, કુટીલ, કપટી તમારા જેવા માણસો કાર્ય કરતા થયા એટલે રાજની પડતી થઇ.

આ વખતે ઊંધું ઘાલીને ઊભેલા સૂબાએ શ્રીહરિને કહ્યું કે તમારે અમદાવાદમાં આવવું નહીં. ભગવાને કહ્યું કયાં સુધી ? સૂબાએ કહ્યું, અમારું રાજ હોય ત્યાં સુધી.

શ્રીહરિ કહે પછી તો છુટ્ટી ને ! સૂબાએ કહ્યું હા.

આ પ્રમાણે કહી શ્રીહરિ અમદાવાદથી જેતલપુર પધાર્યા. ત્યાંથી વડતાલ પધાર્યા અને આનંદ ઉત્સવ કરી ભકતોને સુખ આપ્યાં.

એ પછી છ મહિનામાં પેશવાના હાથમાંથી અમદાવાદ ગયું ને અમદાવાદમાં અંગ્રેજી રાજ થયું. પછીથી ડનલોપ સાહેબે શ્રીહરિને ધામધૂમથી અમદાવાદમાં પધરાવ્યા ને મંદિર બાંધવા માટે જમીન પણ આપી. શ્રી મહારાજે આનંદ સ્વામીને આજ્ઞા કરી સુંદર મંદિર બંધાવ્યું અને નરનારાયણદેવ પધરાવ્યા. શહેરની ચોરાશી કરી અને જય જયકાર થયો.

અત્યારે પણ મોક્ષના સંદેશા આપતી ઊંચી ધજાઓ મનોહર મંદિરનાં શિખરો ઉપર શોભી રહી છે અને મંદિરને સામે તથા બંને બાજુ આલીશાન મહેલો કરતાં પણ ઉત્તમ હવેલીઓની પંકિતઓ ઊભી છે. મંદિરમાં દર્શન કરનાર માનવીઓની ઠઠ જામે છે. આમ અમદાવાદમાં મંદિરના પહેલા પાયા નંખાયા ને તે મજબૂત બન્યા. સભામાં પણ સરસ કથાવાર્તા થાય છે. દ્વેષ કરનાર સૂબાઓ કેદ પકડાયા અને સરવાળે દુઃખી દુઃખી થઇને મૃત્યુ પામ્યા.

જગતના આધાર જગદીશ સાથે હોડ બાંધનાર આત્મા હાડંહાડ થઇને સમાજનાં ફીટકાર પાત્ર બની, બેહાલ સ્થિતિમાં અંતે યમપુરીના અતિથિ બને છે. સૂર્યના પ્રભાવથી જેમ વાદળાંઓ વિખરાઈ જાય છે અને ઝાકળ ઊડી જાય છે. મેઘરવાના મંડાણ નાશ પામે છે તેમ પ્રભુ પ્રગટ થાય છે ત્યારે આસુરી ઓળાઓ ચારે બાજુથી ઘેરો ઘાલી પ્રભુનો પરાભવ કરવા મૂઆ લગી મહેનત કરે પણ છેવટે પોતે જ વિનાશ પામે છે. આ છે અવતારી અવિનાશી, અનેક કળાના સ્વામીની રીત. એ સર્વેશ્વરના આશ્રયથી આત્મા આત્યંતિક કલ્યાણના ભોગ ભોગવે છે.

# ૧૬. સત્સંગની દૃઢ સમજણ

દક્ષિણાદા બારના ઓરડાની ઊંચા પરથારવાળી ઓસરીમાં રંગત ઢોલિયો ઢાળ્યો છે અને તેમાં એક બીમાર યુવાન રામ સૂતો છે. શરીરમાં અસહ્ય વેદના થાય છે પણ મોઢેથી સ્વામિનારાયણ નામનો મંગળમય જપ ચાલુ છે. યુવાન આખી નાતમાં આગેવાન આબરૂદાર અને ધર્મપરાયણ કુટુંબનો બાળક છે. એટલે તેની બીમારીના ખબર ગામેગામ પડી ગયા છે. સગાંવહાલાં અને નાતીલાઓ એક પછી એક રામની ખબર કાઢવા માટે આવે છે. ખબર અંતર પૂછે છે. રામના વડીલો આવનાર ભાઇઓને રામની પાસે ભગવાન વિના બીજી વાત ન કરવી. તેવી સૂચનાઓ આપે છે. રામના ઢોલિયા પાસે એક બ્રહ્મદેવ મધુર કંઠથી ભકતચિંતામણિ વાંચી સંભળાવે છે. રામનું મન પ્રગટ ભગવાન સ્વામિનારાયણનાં ચરિત્રોમાં ગૂંચવાઇ ગયું છે અને શ્રોતાજનો પણ સ્નેહથી આ ચરિત્રોને સાંભળે છે.

મંદવાડ દિવસે દિવસે વધતો જાય છે. દેશી વૈદ્યોને બોલાવી અનેક જાતના ઉપચારો કરે છે પણ કોઇ ઉપાય લાગુ પડતો નથી. જેમ જેમ ઔષધનો પ્રયોગ શરીર ઉપર થાય છે તેમ તેમ રોગ વૃદ્ધિ પામતો જાય છે. જાણે કે વિધાતાએ આ બંન્ને ભકતોના રત્ન સમાન પુત્રને લઇ લેવા આ રોગ મોકલ્યો હોય તેમ જણાય છે.

રાત્રિના બાર પર એક વાગવાનો સમય છે. બધા માનવીઓ પોતપોતાનાં બિછાનામાં સૂઇ ગયા છે. અંધારાનાં ઓઘ અવનિ પર ઘૂંટાઇ ઘૂંટાઇને ઘાટાં બન્યા છે. કાળી રાતમાં કોઇ માનવી આઘેરું ઊભું હોય તોય પણ દેખાઇ નહિ તેવું અંધારું છે. સીમમાં શિયાળિયા હુકો, હુકો લાળી કરે છે. ચીબરીના કાળજું કાપી નાખે તેવાં કળળળ કળળળ કારમા શબ્દો સંભળાય છે અને આઘેરા ઠૂંઠા ઉપર એક ઘુવડ પણ ઘુઘવાટા કરી રહ્યું છે. ઉપરનો આકાશ કાળો ડિબાંગ જેવો નોધારો ઊભો છે. તેમાં રુદન કરતાં હોય તેવા તારલાઓ લબૂક ઝબૂક થઇને ચમકતા દેખાય છે. આખી દુનિયા ભેંકાર ભાસે છે.

રામના ઢોલિયા પાસે કાંધોભાઇ અને રામની માતા વગેરે બાઇઓ તથા સગાંવહાલાં રામને ઘેરીને બેઠાં છે. રામના શરીરમાં વેદના વધતી જાય છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. શરીર છોડવાનાં ચિહ્નો રામના શરીર પર દેખાવા લાગ્યાં.

જેઠૂર આતો ડેલીના ખાનામાં ઢોલિયા ઉપર બેસી મહારાજના નામની માળા ફેરવે છે. તેવામાં અચાનક અજવાળાં થયાં. ધોળાં અજવાળામાં મનોહર મૂર્તિ મહા પ્રભુએ ભગતને દર્શન આપ્યાં. ભગતે ભગવાનને ભાળ્યા એટલે એના અંતરમાંથી પ્રેમના ફુવારા છૂટયા અને ભગત ભગવાનના ચરણમાં ઢળ્યા. મહારાજે ભગતના મસ્તક પર હાથ ફેરવ્યો અને કહ્યું કે ભગત અમો રામને તેડવા માટે આવ્યા છીએ. ભગત કહે, ઘણું સારું મહારાજ. રામનાં મોટાં ભાગ્ય કે મોટા મોટા દેવતાઓને જેના દર્શન ન થાય એવા ભગવાન તમો એને તેડવા આવ્યા. પણ મહારાજ કાંધાને એક જ દીકરો છે. ભગવાન કહે, ભલે અમે રામ પાસે જઇએ છીએ, તમો ત્યાં આવો. એમ કહી પ્રભુ અંતર્ધાન થયા. જેઠૂર ભગત હાથમાં લાકડી લઇ વૃદ્ધ અવસ્થાને લીધે ધીમે ધીમે રામના ઢોલિયા પાસે આવ્યા અને પૂછયું, રામ ! મહારાજ પધાર્યા છે ? રામે કહ્યું આતા, મહારાજ પધાર્યા છે અને સંતો પણ ઘણા છે. ભગવાન મને તેડવા આવ્યા છે તો તમે તેમને શા માટે ના પાડો છો ? સાધુ કહે છે કે અહીંથી તો અક્ષરધામમાં કરોડો ગણું વધારે સુખ છે માટે મને મહારાજની સાથે જવા દ્યો ને ?

ઉપરના શબ્દ સાંભળી જેઠૂર ભગત બોલ્યા ભાઇ તારે જવા વિચાર હોય તો ખુશીથી જા અમે રાજી છીએ. ત્યારે રામે કહ્યું કે તમે બધા રાજી રહેજો હું જાઉં છું 'જે સ્વામિનારાયણ' એમ કહી શરીર છોડયું અને શ્રીહરિની સાથે અક્ષરધામમાં ગયો.

પછીથી સમજુ ભગત જેઠૂરભાઇ તથા કાંધાભાઇ વગેરેએ રામના શરીરની અંતિમ ક્રિયા કરી અને પોકરાણમાં પ્રભુનાં કીર્તન બોલ્યાં પણ રડયા નહિ. સ્મશાન યાત્રામાં પણ ધૂન, ભજન અને કીર્તન બોલતાં બોલતાં આવ્યા. પત્રો લખ્યા તેમાં પણ દરેકને લખી નાખ્યું કે અમારે આંગણે કોઇએ પણ રોતાં રોતાં આવવું નહિ કારણકે અમારો રામ અહીંના કરતાં કરોડગણું સુખ જયાં છે એવા પ્રભુના અક્ષરધામમાં ગયો છે. એટલે એ દુઃખમાં ગયો નથી જે દુઃખમાં જાય તેની પાછળ રોકકળ થાય પણ સુખની પાછળ શોક ન હોય. પછી ઘેર

જે લોકો આવે તેને ભગવાન વિના બીજી વાત ન કરવી. એમ નકકી કરી, વચનામૃતની પારાયણ ચાલુ કરી. એટલે આવેલ માણસ ભગવાનનાં વચનો જ સાંભળે.

આહીરની જાડી કોમમાં જન્મીને પણ જનક વિદેહીના જેવી ઉંચી સ્થિતિવાળા ભકત જેઠૂરભાઇ તથા કાંધાભાઇને ધન્ય છે. જેમ બહુરત્ના વસુંધરા કહેવાય છે તેમ શ્રીહરિનો આ સત્સંગ પણ ઘણા પ્રકારના ઉતમ ભકતરૂપી રત્નોથી ભરપૂર છે. ખેતીવાડી, માલ મિલકત, પૈસોટકો અને રસકસથી ઘર ભરપૂર હોય અને તેનો ઉપયોગ કરનાર એકનો એક લાડકડો લાલ, કોડીલા કુંવર જેવો દેખાવડો, બુદ્ધિશાળી, મળતાવડો અને મહેનતુ કંધોતર ચાલ્યો જાય અને તેની પાછળ શોક ન કરવો. એવું ધ્યેય રાખવું એ કંઇ સાધારણ વાત નથી. આપણે બધાં આવાં કેટલાંક આખ્યાનો વાંચીએ, સાંભળીએ અને કહીએ પણ જયારે કાળજે ઘા આવે ત્યારે ધીરજ રાખવી એ ઘણી મોટી વાત છે. તેમાં પણ આહીરોની જ્ઞાતિ તો અતિ હેતાળ હોય છે. તે તો પોતાના પુત્ર વિના ઝૂર્યા કરે અને છેવટે ઝૂરી ઝૂરીને શરીર છોડે પણ જેઠુરભાઇ તથા કાંધાભાઇ આ બંને ભકતોને અમોએ નજરે જોયા હતા. તે બંનેના મુખ પર પુત્ર વિયોગરૂપી દુઃખની એકાદ રેખા પણ દેખાતી ન હતી. વાત નીકળે તો કહેતા કે મહારાજની મરજી હોય તેમ થાય અને તેમની રુચિમાં જ ખુશી થવું.

શ્રીહરિએ તેમના ઉપર કૃપા કરી એટલે કાંધાભાઇને રામના ગયા પછી એક પછી એક ત્રણ દીકરા થયા. તેમને નજરે જોઇને બાપદીકરો અક્ષરવાસી થયા. (કંથડભાઇ, ઝીકારભાઇ, જેઠૂરભાઇ) આહીર કોમમાં એવો રિવાજ છે કે કોઇ સારા ભકત હોય અને પવિત્ર આત્મા હોય તો તેમને દેહ મેલ્યા પછી તાંબાના ત્રાસમાં ઊભા રાખીને નવરાવે જેઠુર બાપા તથા કાંધાભાઇને પણ એવી જ રીતે મોટા ત્રાસમાં ઊભા રાખીને નવરાવ્યા. એ ત્રાંસમાં ચાંદી જેવા ચળકતા તે બંનેનાં પગલાં ત્રાસમાં પડી ગયાં અને તે આજ સુધી છે. એ ત્રાસ અત્યારે ડેડાણ પાસે સમઢિયાળા ગામમાં કાંધાભગતના દીકરા કંઠડ ભગતના ઘરમાં છે. આહીર કોમ ભલે એક જાડી કોમ ગણાય પણ આ ભકતોએ તો ઝીણામાં ઝીણું કામ સાધી લીધું અને અંતકાળે પોતાના ભકતોને મહારાજ લેવા આવે છે તે બિરુદ પણ પરચો આપીને આ કળિકાળમાં સાચું કરી બતાવ્યું. આવા તો અનેક પ્રસંગો સત્સંગમાં આજે પણ બને છે.